Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીના વાત્સલ્ય દેવગુરુધર્મની સેવા

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી

વર્ષ ૨૨ઃ અંક ૧૨ઃ વીર સં. ૨૪૯૧, આસોઃ October 1965

# એકલો જાને રે.....

સર્વજ્ઞદેવે કહેલા આનંદદાયક એવા અમૃતપથરૂપ મોક્ષમાર્ગમાં સ્થિત સમ્યગ્દ્રષ્ટિ કદાચ એક જ હોય તો તે એકલો પણ શોભનીક અને પ્રશંસનીક છે. સમ્યગ્દ્રષ્ટિને ભલે કદાચ બહારની પ્રતિકૂળતા હોય તોપણ અંદરમાં એને ચૈતન્યના આનંદની લહેર છે; પૂર્વકર્મનો પ્રતિકૂળ ઉદય તેને હલાવી શકતો નથી. પ્રતિકૂળતાના ઉદય વચ્ચે પણ સમ્યગ્દ્રષ્ટિ જીવ મોક્ષમાર્ગમાં શોભે છે. માટે કહે છે કે હે જીવ! ભલે પાપ કર્મનો ઉદય હોય તો પણ તું સમ્યક્ત્વની આરાધનામાં નિશ્ચલ રહે.....સમ્યક્ત્વ વડે એકલો એકલો તારા સ્વકાર્યને સાધ. પાપકર્મનોઉદય હોય તેથી કાંઈ સમ્યક્ત્વની કિંમત ચાલી જાય નહિ, ઉલટું પાપકર્મ તો નિર્જરતું જાય છે. જગતમાં ઊંધીદ્રષ્ટિવાળા બીજા ભલે સાથ ન આપે તોપણ સમ્યગ્દ્રષ્ટિ એકલો એકલો મોક્ષના માર્ગમાં આનંદપૂર્વક ચાલ્યો જાય છે. જેમ જંગલમાં વનનો રાજા સિંહ એકલો પણ શોભે છે તેમ સંસારમાં ચૈતન્યનો રાજા સમ્યગ્દ્રષ્ટિ એકલો પણ શોભે છે. માટે હે જીવ! જગતમાં કોઈનો સાથ ન હોય તોપણ સમ્યગ્દર્શન વડે મોક્ષમાર્ગમાં એકલો એકલો ચાલ્યો જા.....

(આ વિષયને લગતું, સમ્યક્ત્વની વિરલતા બતાવતું ને તેની આરાધનાનો ઉત્સાહ જગાડતું એક વિસ્તૃત પ્રવચન હવે પછીના અંકમાં વાંચશોજી.)

卐

# મુમુક્ષુની જીવનભાવના

( મુમુક્ષુને જીવનમાં સદાય કેવી ભાવના હોય છે તેના દશ બોલ )

( ૧ ) મેં મારા જીવનમાં સંતોની સેવાનું ને આત્માને સાધવાનું ધ્યેય અપનાવ્યું છે.

( ૨ ) મારા આ સર્વોચ્ચ ધ્યેયની સિદ્ધિને માટે ઉત્કૃષ્ટ ઉત્સાહપૂર્વક મારે દિનરાત ઉદ્યમ કરવાનો છે.

( ૩ ) આવા ઉદ્યમવંત સાધર્મીજનો પ્રત્યે અત્યંત વાત્સલ્યભાવે વર્તીશ.

( ૪ ) મારા ધ્યેયને સાધવા માટે જ્ઞાનભાવના અને વૈરાગ્યભાવના એ બે મારા સદાય સાથીદાર છે. એમની સહાય વડે હું મારા ધ્યેયને સદાય તાજું રાખીશ.

( ૫ ) જીવનમાં સુખ–દુઃખની ગમે તેવી ઉથલપાથલમાંય હું મારા ધ્યેયને કદી ઢીલું પડવા નહિ દઉં, તે માટે ઉત્તમપુરુષોના આદર્શજીવનને સદાય મારી નજરસમક્ષ રાખીશ, ને આરાધનાનો ઉત્સાહ વધારીશ.

( ૬ ) દેવ–ગુરુ–શાસ્ત્રની સેવાના સત્કાર્યો માટે મારા જીવનને સદાય ઉત્સાહિત રાખીશ, ને ઉલ્લાસપરિણામથી તેમાં પ્રવર્તીશ.

( ૭ ) આ જીવન છે તે આત્મસાધના માટે જ છે, તેથી તેની ક્ષણ પણ નિષ્પ્રયોજન ન વેડફાય, ને પ્રમાદ વગર આત્મસાધના માટે જ પ્રત્યેક ક્ષણ વીતે–એ માટે સતત જાગૃત રહીશ. હરરોજ આત્મામાં ઊંડો ઊતરવાનો અભ્યાસ કરીશ.

( ૮ ) મારા હિત માટે ગુરુદેવ વારંવાર કહે છે કે અરે જીવ ! તું તારા સ્વભાવનો મહિમા કર. ચારગતિના શરીર ને પરભાવોમાં વર્તવું તે શરમ છે; અશરીરી આત્મામાં ઉપયોગને જોડીને તેને સ્વવિષય બનાવીને તેમાં ઠર....તો આ શરમજનક જન્મો છૂટે, ને ક્ષણક્ષણ જે દુઃખ થાય છે તે મટે.

( ૯ ) નિજસ્વરૂપની પ્રાપ્તિ તે આત્માર્થીનો મનોરથ છે. પોતાના સ્વરૂપ વગર આત્માર્થીને એક ક્ષણ પણ ગમે નહિ.

( ૧૦ ) સન્તો આપણને સદાય કેટલી આત્મપ્રેરણા આપી રહ્યા છે ! જાણે સમ્યક્‌ત્વ જ સાક્ષાત્ આપી રહ્યા છે. એમના જીવનનું સૂક્ષ્મતાથી અવલોકન કરતાં પણ સમ્યક્‌ત્વ થઈ જાય. આવા સન્તો આપણી સમક્ષ બિરાજીને સદાય આપણા ઉપર મહાન કૃપા કરી રહ્યા છે. એ કૃપાના પ્રતાપે આપણે આપણું સ્વાનુભવકાર્ય સાધી લેવાનું છે. જીવનમાં બીજું બધું ભૂલી જઈને આ એક જ આત્મકાર્યમાં બધી તાકાત લગાવવાની છે.

પંચ પરમેષ્ઠી પ્રભુને નમસ્કાર હો.

卐

## ગુરુદેવ કહે છે.

ગુરુદેવ વારંવાર કહે છે કે અરે જીવ! તું મહિમા તારા સ્વભાવનો કર.

ચાર ગતિના શરીરને ધારણ કરવા તે તો શરમ છે. અશરીરી આત્મામાં ઉપયોગ જોડીને, તેને સ્વ વિષય બનાવીને તેમાં ઠર...તો આ શરમજનક જન્મો છૂટે.

નિજસ્વરૂપની પ્રાપ્તિ તે આત્માર્થીનો મનોરથ છે; પોતાના સ્વરૂપ વગર એક ક્ષણ પણ આત્માર્થીને ગમે નહિ. આત્મપ્રાપ્તિ વગરનું જીવન આત્માર્થી કેમ જીવી શકે?

નિજસ્વરૂપના અંતરંગ પ્રયાસથી સમ્યક્ત્વ અત્યંત સુગમ હોવા છતાં જીવે આટલા બધા કાળ સુધી તે કાર્ય કેમ ન કર્યું.-એનો પણ ખેદ છોડીને હવે પ્રસન્નતાથી ને ઉત્સાહથી જીવે તે કાર્ય તત્કાળ કરવા જેવું છે. જાણે અત્યારે જ સત્સંગે આત્મ ચિંતનથી સ્વાનુભવ કરીએ.

સંતો આપણને સદાય કેટલી આત્માની પ્રેરણા આપી રહ્યા છે! જાણે સમ્યક્ત્વ જ સાક્ષાત્ આપી રહ્યા છે. એમના જીવનનું સૂક્ષ્મતાથી અવલોકન કરતાં પણ સમ્યક્ત્વ થઈ જાય-એવા સંતો આપણી સમક્ષ બિરાજીને સદાય આપણા ઉપર મહાન કૃપા કરી રહ્યા છે. એ કૃપાના પ્રતાપે આપણે આપણું સ્વાનુભવ-કાર્ય સાધી લેવાનું છે. અત્યારે તો દુનિયામાં બીજાું બધુંય ભૂલી જઈને આ એક જ કાર્યમાં બધી તાકાત લગાવવાની છે.

( એક પત્ર )

# અનુભવની પ્રેરણા

## : અનુભવ કરો...ને મોહને છોડો.

**અનુભવ કરવાનો અવસર ક્યો ? તો કહે છે કે હમણાં, અત્યારે જ.**

**હે ભવ્ય ! અત્યારે જ સ્વાનુભવ માટેનું ઉત્તમ ચોઘડીયું છે, અત્યારે જ ઉત્તમ મુહૂર્ત છે; જ્યારે સ્વાનુભવ કર ત્યારે સ્વાનુભવનો કાળ તે સર્વોત્તમ કાળ છે. માટે જગતની જંજાળની મોહજાળ તોડીને તું સ્વાનુભવના અભ્યાસમાં લાગ. સ્વાનુભવને માટે સંતોના પ્રતાપે સબ અવસર આ ચૂકા હૈ.**

卐——卐

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत।
इह कथमपि नात्माऽनात्मना साकमेकः किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।

જગતને સંબોધીને કહે છે : હે જગત્! એટલે કે સંસારના સમસ્ત જીવો ! તમે જ્ઞાનના રસિયા થઈને પર સાથેની એકતાના મોહને છોડો; મિથ્યાત્વપરિણામને સર્વથા છોડો.–ક્યારે ? કે તત્કાલ....હમણાં જ...અત્યારે જ છોડો. અત્યારે જ એને છોડવાનો અવસર છે.

વાહ ! જુઓ, આ સ્વાનુભવની પ્રેરણા ! અત્યારે જ આવો સ્વાનુભવ કરો. સ્વાનુભવનો આ અવસર છે.

આત્મા પર સાથે કદી એકમેક થઈ ગયો નથી, છતાં મોહથી જીવ તેની સાથે એકપણું માની બેઠો છે....તેને કહે છે કે અરે જીવો ! આ મોહને છોડવાના ટાણાં આવ્યા છે, ચૈતન્યના આનંદને અનુભવવાના આ ટાણાં આવ્યા છે.–માટે સ્વાનુભવના રસિયા થઈને તત્કાળ હમણાં અત્યારે જ મોહને છોડો. જ્યાં અંતરમાં શુદ્ધઆત્માને લક્ષમાં લઈને તેનો રસિક–રુચિવંત થયો ત્યાં ક્ષણમાત્રમાં મોહ છૂટી શકે છે. મોહ ક્યારે છૂટશે ? એવા વિચારની વાત નથી; અરે, અત્યારે જ મોહને છોડવાનો અવસર છે. સ્વાનુભવનું અત્યારે જ ઉત્તમ ચોઘડિયું છે.

પ્રવચનસારમાં પણ અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે કે–સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ- જ્ઞાનની કળાવડે આ એક આખા શાશ્વત સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે જ ભવ્યજીવો પરમ

આનંદરૂપે પરિણમો. પૂર્ણ સ્વતત્ત્વ અત્યારે વિદ્યમાન છે, અત્યારે જ તેને અનુભવો. અત્યારે કઠણ કાળ છે કે પ્રતિકૂળતા છે એવા બહાનાં ન કાઢો પણ આજે જ સ્વતત્ત્વને અનુભવમાં લ્યો. ફરીને પણ કહે છે કે અમે અનંત મહિમાવંત ચૈતન્યતત્ત્વનું ઘણું ઘણું સ્પષ્ટીકરણ કરીને બતાવ્યું, આવા ચૈતન્યને જ ચૈતન્ય પોતે આજે પ્રબળપણે અનુભવો, ઉગ્ર શુદ્ધિવડે આજે જ અત્યંત અનુભવ કરો. આ લોકમાં ચૈતન્ય જ એક પરમ–ઉત્તમ તત્ત્વ છે, બીજું કંઈ ઉત્તમ નથી.

અહો, આવું તત્ત્વ સંતોએ લક્ષગત કરાવ્યું, તો હે ભવ્ય જીવો! તમે વિલંબ વગર આજે જ તેનો અનુભવ કરો. ભવભ્રમણથી છૂટવા સ્વાનુભવનો આ ઉત્તમ અવસર છે. જ્યારે સ્વાનુભવ કર ત્યારે ઉત્તમ જ ઘડી છે. સ્વાનુભવથી ઉત્તમ ઘડી જગતમાં બીજી કઈ છે? તે ઘડી સફળ છે, તે ઘડી ધન્ય છે.

કૂવામાં પડયો હોય ને બહાર નીકળવું હોય ત્યાં શું ચોઘડિયું જોવા બેસતો હશે? ત્યાં શું વાયદા કરતો હશે? કે હમણાં નહિ પછી નીકળશું. સારૂં ચોઘડિયું આવે ત્યારે નીકળશું–એમ વિચાર કરવા રોકાતો હશે? ના; ત્યાં તો તરત જ બહાર નીકળે છે તેમ હે જીવ! તું અનાદિથી મિથ્યાત્વના કૂવામાં પડયો છે, હવે તેમાંથી તત્ક્ષણ બહાર નીકળ; એક સૂક્ષ્મ કાળ–જરીક કાળ પણ એ મિથ્યાત્વનો આદર કરવા જેવું નથી. ‘હમણાં અનુભવ નહિ પછી અનુભવ કરશું, હમણાં બીજાં કામ કરી લઈએ પછી અનુભવ કરશું ને મોહ છોડશું–એમ જે વાયદા કરે તેને સ્વાનુભવનો ખરો પ્રેમ જાગ્યો નથી મોહનું દુઃખ એને લાગ્યું નથી અરે દુઃખથી છૂટવા શું વાયદા કરાતા હશે? ના, તત્ક્ષણ મોહને સર્વથા છોડો. ને સ્વાનુભવના પ્રત્યક્ષ સુખને તરત જ આસ્વાદો. એને માટેનો અત્યારે જ અવસર છે. सब अवसर आ चूका है। જ્યાં વાત કાને પડે ને અંદર ભિન્નતાનો ખ્યાલ આવ્યો કે તરત જ શુદ્ધાત્માનો અનુભવ કરવા જેવો છે, ને મોહને છોડવા જેવો છે. શુદ્ધજ્ઞાનનો આસ્વાદ અત્યંતસુખકારી છે; રસિક જીવોને એટલે કે શુદ્ધસ્વરૂપના અનુભવનશીલ સમ્યગ્દ્રષ્ટિ જીવોને સ્વાનુભવનું સુખ અત્યંત પ્રિય છે, એ સ્વાનુભવના સ્વાદ પાસે જગતના બધા પદાર્થોનો સ્વાદ ઊડી ગયો છે. માટે હે જીવો! સ્વાનુભવના આનંદના રસને હમણાં જ અનુભવો. એક ક્ષણ પણ મિથ્યાભાવનો આદર ન કરો, તત્કાળ તેને સર્વથા છોડો.

અંદરમાં સ્વભાવ અને પરભાવની ભિન્નતાનો જ્યાં ભાસ થયો કે તરત જ પરભાવ સાથેની એકત્વબુદ્ધિને અત્યંત–જડમૂળથી છોડીને, શુદ્ધચૈતન્યવસ્તુને પ્રત્યક્ષ આસ્વાદો.

એ ચૈતન્યવસ્તુનો આસ્વાદ પરમ સુખકર છે. આત્માનો રસિક થાય તેને અપૂર્વ આનંદ આવ્યા વિના રહે નહિ. દેડકું કે હાથી, સિંહ કે વાઘ, ગાય કે બકરી, નારકી, દેવો, મનુષ્યો, ૮ વર્ષનાં બાળક કે મોટા વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ, બધાય જીવોને કહે છે કે હમણાં જ મોહને છોડીને શુદ્ધઆત્માને અનુભવો. આત્માના રસિક થાય તે બધાયથી આવો અનુભવ થઈ શકે છે. ને જેને શુદ્ધજ્ઞાનસ્વરૂપ રુચ્યું તેને તેના પરમ આનંદનો સાક્ષાત્ સ્વાદ આવે છે. એકલો અનુમાનગોચર રહ્યા કરે ને સાક્ષાત્ અનુભવરૂપ ન થાય–એમ નથી. એના રસિયા થવું જોઈએ. એનો રસિયો થઈને, એટલે જગતનો રસ છોડીને, સ્વમાં એકત્વ કર ને પર સાથેનું એકત્વ છોડ, –તત્ક્ષણ છોડ, એમ કરતાં તત્ક્ષણ તને ચૈતન્યના પરમ આનંદનો સાક્ષાત્ અનુભવ થશે.

પ્રશ્નઃ– આમ કરવાથી શું ફળ આવે ? શું કાર્યસિદ્ધિ થાય ?

ઉત્તરઃ– પ્રથમ તો મહાદુઃખદાયી એવા મોહનો ત્યાગ થાય છે, ને જ્ઞાનાનંદસ્વરૂપના અપૂર્વસુખનો અનુભવ થાય છે.–આમ સુખની અસ્તિ ને મોહની નાસ્તિ; અર્થાત્ આનંદની પ્રાપ્તિ ને મોહનો ત્યાગ–એવી કાર્યસિદ્ધિ થાય છે, આ ઉત્તમ ફળ છે. વારંવાર આવા સ્વાનુભવનો અભ્યાસ કરતાં વિભાવપરિણામ કે કર્મનો સંબંધ જીવ સાથે એક ક્ષણ પણ રહેશે નહિ, તે જીવથી ભિન્નપણે જ રહેશે. એકવાર સ્વાનુભવથી એકત્વબુદ્ધિ છૂટી તે છૂટી, ફરીને કદી તેમાં એકત્વબુદ્ધિ થવાની નથી. પરિણતિ પરભાવથી જુદી પડી તે પડી, હવે તે પરિણતિમાં રાગાદિ પરભાવો કે કર્મબંધન કદી એકમેક થવાના નથી; એક સમય પણ આત્મામાં તે ટકશે નહિ, કોઈ પ્રકારે આત્મા સાથે તેની એકતા થશે નહિ. જુઓ, આ સ્વાનુભવવડે કાર્યસિદ્ધિ થઈ; હમણાં જ મોહનો નાશ કરીને આવી કાર્યસિદ્ધિ કરો.–આમ સ્વાનુભવની જોસદાર પ્રેરણા આપી છે.

ધર્મીજીવને ભેદજ્ઞાન થયું, સ્વાનુભવ થયો ને મોહ તૂટયો,–હવે પરભાવો કદી સ્વરૂપમાં પ્રવેશવાના નથી, પરભાવો સાથે કદી એકતા થવાની નથી; જ્ઞાન કદી રાગાદિ સાથે તન્મય થવાનું નથી. જ્ઞાન સદાય જ્ઞાનપણે જ રહેશે, સ્વમાં જ સદા એકત્વ રહેશે. પહેલાં અજ્ઞાનથી બંધકરણશીલ હતો, તેનાથી છૂટીને હવે સ્વભાવનો અનુભવનશીલ થયો, તે ફરીને ક્ષણમાત્ર પણ બંધન સાથે એકત્વ પામે નહિ. સ્વાનુભવવડે મોહનો નાશ થતાં આવી અપૂર્વ દશા ખીલી.

# સંતો ઊંઘતા જીવોને જગાડે છે

( સમયસાર કળશ ટીકા-પ્રવચનો )

*

**આચાર્યદેવ ઊંઘતા જીવોને સંબોધન કરે છે કે અરે જીવો! જાગો....તમારા ચૈતન્યનિધાનને દેખો. પરભાવોને નિજપદ માનીને તે તરફ દોડી રહ્યા છો, પણ પાછા વળો...પાછો વળો...એ રાગાદિ વિભાવમાં તમારું પદ નથી. તમારું પદ તો આ અત્યંત સુંદર ચૈતન્યધામમય છે; આ તરફ આવો, આ તરફ આવો. આ રીતે સન્તો કરુણાપૂર્વક, પરભાવો તરફ વેગથી દોડી રહેલા પ્રાણીઓને વાત્સલ્યની પુકાર કરીને પાછા વાળે છે ને નિજપદ દેખાડીને સિદ્ધિના પંથે દોરી જાય છે.**



પોતે સ્વાનુભવથી જે તત્ત્વ જાણ્યું તે તત્ત્વ દર્શાવતાં આચાર્યદેવ કહે છે કે હે જીવો! અનાદિથી સ્વતત્ત્વને ભૂલીને મોહમાં સૂતા છો, હવે તો જાગો, ને તમારું તત્ત્વ અંતરમાં અત્યંત શુદ્ધ છે તેને દેખો. આ શરીરાદિમાં કે રાગાદિ પરભાવમાં તમારું નિજપદ નથી, તમારું નિજપદ તો શુદ્ધ ચૈતન્યધાતુમાં છે. સિદ્ધપદ અંતરમાંથી પ્રગટે છે, કાંઈ બહારથી નથી આવતું. આવા સિદ્ધપદનો ધણી આત્મા તેને ભૂલીને તમે રાગના ધણી થયા....શુદ્ધ આત્માને નહિ દેખનારા હે અંધ પ્રાણીઓ! તમે મોહથી અંધ બનીને નિજ પદને ભૂલીને, પરભાવને જ નિજપદ માનીને તેમાં લીન બન્યા છો, પણ એ પદ તમારું નથી,

નથી; માટે તમે જાગો ને આ તરફ આવો.....આ તરફ આવો. અંતરમાં જે અત્યંત શુદ્ધ ચૈતન્યધાતુ છે તે જ તમારું પદ છે, તેને સ્વાનુભવમાં લ્યો.

સંયોગ અને સંયોગની ઉપાધિથી થયેલા રાગદ્વેષભાવો તે તારું ઘર નથી, તે તારું રહેઠાણ નથી, તેમાં તું નથી, તારે માટે તે અસ્થાન છે. ચારે ગતિના જેટલા ઉપાધિભાવો છે તેમાં તું નથી. તું તો તારા શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં છો, તેમાં જ તારું રહેઠાણ છે, માટે હે અંધ! હવે તું જાગ ને પ્રતિબોધ પામ. તારા સ્વતત્ત્વને દેખ. અંતરમાં તેને સ્વાનુભવમાં લે.

સામાન્યપણે ૨૧ પ્રકારના ઉદયભાવ ને વિશેષપણે અસંખ્ય પ્રકારના કે અનંત પ્રકારના જે ઉદયભાવ તે એક્કેય તારું સ્વરૂપ નથી, એ તો બધા ઉપાધિરૂપ છે. કોઈ પણ અનુકૂળ સામગ્રી કે કોઈ પણ પ્રતિકૂળ સામગ્રી તે જીવનું સ્વરૂપ નથી; ભગવાન સર્વજ્ઞદેવે તો જીવનું સ્વરૂપ ઉપયોગમય જોયું છે, તે ઉપયોગને કદી પણ જડ સાથે કે રાગ સાથે કદી એકમેકપણું નથી. માટે તેમાં એકતાબુદ્ધિ છોડ. આત્મા તો ઉપયોગમય છે–એમ શુદ્ધ સ્વસત્તાને દેખ. કઈ રીતે દેખ ? કે સ્વાનુભવથી દેખ.

અરે, ત્રણલોકને સાક્ષાત્ દેખનારા ભગવાન સર્વજ્ઞદેવે તે બધા આત્મા સદાય ઉપયોગસ્વરૂપ છે–એમ જોયું છે, સંતોએ સ્વાનુભવથી એવો જ આત્મા અનુભવ્યો છે, અને આગમમાં પણ જીવને ઉપયોગસ્વરૂપ બતાવ્યો છે. આમ દેવ,ગુરુ ને શાસ્ત્ર ત્રણેયે ઉપયોગસ્વરૂપ આત્મા કહ્યો છે, પણ દેહ સ્વરૂપ કે રાગસ્વરૂપ કહ્યો નથી; તો તું તેને દેહરૂપ ને રાગરૂપ કેમ અનુભવે છે ? એ તો તારો મોહ છે, મોહથી અંધ બનીને તું તારા સ્વરૂપને ભૂલ્યો છો. અહીં આચાર્યદેવ જગાડે છે કે હે જીવ ! હવે તો જાગ ! અનાદિથી અત્યારસુધી તો મોહમાં સૂતો ને અંધ બન્યો, પણ હવે તો જાગ ને આંખ ખોલ. તારું શુદ્ધસ્વરૂપ સંતોએ તને વારંવાર બતાવ્યું, તે સાંભળીને હવે તો જાગ....ને મોહબુદ્ધિ છોડ ! ફરીફરી કરુણાથી કહે છે કે અરે ભાઈ ! આ તે તને કેમ શોભે ? રાજા રાજસિંહાસનને બદલે વિષ્ટાના ઉકરડામાં નિજપદ માનીને રખડે એ તે કાંઈ શોભે ? તેમ ચૈતન્યમય નિજપદને ભૂલીને આ ચૈતન્યરાજા પરભાવમાં સુવે એ તે કાંઈ તેને શોભે છે ? કરોડો રૂપિયાની કિંમતનો હીરો તેને કોઈ બે રૂપિયામાં વેચી નાંખે તો લોકમાં તે મૂરખ કહેવાય, તેમ, અનંત મહિમાવંત આ ચૈતન્યહીરો, તેને ક્ષણિક પુણ્ય જેટલો માનીને અજ્ઞાની રાગમાં વેંચી દે છે તે મોટો મૂરખ છે. અનંતા ઇન્દ્રપદ વડે પણ જેનાં મૂલ્ય ન આંકી શકાય એવો આ ચિદાનંદસ્વભાવ, કે જેનું એક ક્ષણ ચિંતન કરતાં કેવળજ્ઞાનાદિ પરમનિધાન પ્રગટે–એવા નિજપદને ભૂલીને અજ્ઞાની ક્ષણિક રાગ જેટલો પોતાને માનીને, નિજનિધાનને રાગમાં વેંચી દે છે. તે અંધપ્રાણી નિજનિધાનને દેખતો નથી. આચાર્યદેવ તેને પરમ કરુણાથી જગાડે છે. હે અંધપ્રાણી ! હવે તું જાગ....અમે તને તારું ધ્રુવપદ બતાવ્યું તેને તું જો. જગતમાં જેની કોઈ તૂલના કરી ન શકે એવા તારા સ્વપદને તું અનુભવમાં લે.

આત્માનું સ્વરૂપ શુદ્ધ ઉપયોગરૂપ છે. શુદ્ધસ્વરૂપ આત્મા કથંચિત્ ઉપયોગરૂપ છે ને કથંચિત્ રાગરૂપ છે–એમ દ્વિધાપણું નથી; આત્માનું શુદ્ધ પદ સર્વથા ઉપયોગરૂપ છે, ને રાગાદિરૂપ સર્વથા નથી, જરાપણ નથી. ઉપાધિરૂપ રાગાદિભાવો તો ક્ષણિક માયાજાળ જેવા છે, ક્ષણમાં તેનો લોપ થઈ જાય છે. પણ આ ચૈતન્યમય નિજપદ છે તે તો સ્થાયિ છે, તે કાંઈ માયાજાળની જેમ ક્ષણિક નથી. હવે આવા સ્થાયિ નિજપદને હે જીવ ! તું દેખ, એટલે કે અત્યારે જ અનુભવમાં લે.

પ્રશ્નઃ– મનુષ્યપણું તો દુર્લભ છે, તો તે આત્મા નથી–એમ કેમ કહો છો ?

ઉત્તરઃ– વૈરાગ્યના ઉપદેશમાં એમ કહેવાય કે ભાઈ, આ મનુષ્યપણું પામીને તું આત્માનું હિત કરી લે, કેમકે મનુષ્યપણું દુર્લભ છે. અહીં શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવતાં કહે છે કે મનુષ્યપણું તે આત્મા નથી, ઉપયોગપણું તે જ આત્મા છે. મનુષ્યપણું દુર્લભ છે તે વાત સાચી પણ તેથી કાંઈ તે આત્માનું સ્વરૂપ નથી. 'હું મનુષ્ય છું' એમ મનુષ્યપણાના ભાવમાં ઊભા રહીને કાંઈ આત્મા નથી સધાતો, પણ ઉપયોગસ્વરૂપમાં આવીને આત્મા સધાય છે,–ઉપયોગસ્વરૂપે આત્માને અનુભવે તો જ તે સધાય છે.

આ આત્મા ચૈતન્યસ્વરૂપ છે. પર્યાયમાં જે શુભ–અશુભ ભાવ કરે, તેના વડે જે પુણ્ય–પાપ કર્મ બંધાય, ને તેના ફળમાં જે સુખ–દુઃખ મળે–તે બધાયથી ( છએ બોલથી ) આત્માનું સ્વરૂપ જુદું છે. અજ્ઞાનીઓ અનાદિ કાળથી એ સંયોગને અને સંયોગી પરભાવોના સ્વાદને જ પોતાનું સ્વરૂપ સમજીને આસ્વાદે છે, પણ એ સર્વ અનુભવ જૂઠો છે, એટલે તેમાં આત્માના સ્વરૂપનો સાચો સ્વાદ નથી. આત્માનો સ્વાદ તો એ બધાથી પાર શુદ્ધ– ચૈતન્યરસથી ભરપૂર છે. તે બતાવીને આચાર્યદેવ ભવ્યજીવોને સંબોધન કરે છે કે અરે જીવો ! પાછા વળો...પાછા વળો....એ રાગાદિ વિભાવમાં તમારું પદ નથી, તમારું પદ તો આ ચૈતન્યમય અત્યંત શુદ્ધ છે, આ તરફ આવો...આ તરફ આવો. રાગાદિ અશુદ્ધપર્યાયને આત્મા માનીને તમે તે તરફ દોડી રહ્યા છો પણ તે માર્ગે મત જાઓ...મત જાઓ કેમકે એ માર્ગ તમારો નથી, એ સ્વરૂપ તમારું નથી. આ શુદ્ધ ચૈતન્યપણે અનુભવાય છે તે જ તમારું પદ છે, તે જ તમારો માર્ગ છે, માટે આ તરફ આવો રે.....આ તરફ આવો ( જુઓ ચિત્ર )

જુઓ તો ખરા, સંતો કેવી કરુણા કરીને નિજપદ બતાવે છે. પરભાવો તરફ વેગથી દોડતા પ્રાણીઓને વાત્સલ્યથી પુકાર કરીને પાછા વાળે છે કે અરે જીવો ! એ માર્ગેથી પાછા વળો. આ તરફ અંતર સ્વભાવમાં આવો. જેમ માર્ગ ભૂલેલા માણસને કોઈ સજ્જન હાકલ કરીને સત્યમાર્ગે પાછો વાળે, તેમ અહીં સત્ય સ્વરૂપનો માર્ગ ભૂલીને પરભાવના વેગે ચડેલા જીવોને સંતો હાકલ કરીને સત્યમાર્ગે પાછા વાળે છે. જેવું શુદ્ધસ્વરૂપ છે તેવું દેખાડીને તે તરફ બોલાવે છે કે અરે જીવો ! આ તરફ આવો. અમારા સમસ્ત વૈભવથી આત્માનું શુદ્ધપદ અમે દેખાડીએ છીએ તેને અનુભવમાં લ્યો. રાગનો અનુભવ છોડો.

# નિર્વિકલ્પ અનુભવ

નિર્વિકલ્પ અનુભવથી જ સાધકદશાની શરૂઆત થાય છે. એ દશાનો આનંદ વિકલ્પથી પણ ન ચિંતવી શકાય એવો છે. નિર્વિકલ્પ અનુભવ વખતે જ્ઞાન અતીન્દ્રિય થઈને પ્રત્યક્ષસ્વાનુભવ કરે છે, એ વખતના આનંદની ખાસ વિશેષતા છે, એનો અચિંત્ય મહિમા છે. સ્વાનુભવનો આવો મહિમા સાંભળતાં કોઈને એમ થાય કે આવો અનુભવ તો કોઈ મોટા મોટા મુનિઓને જ થતો હશે! અમારા જેવા ગૃહસ્થને આવો અનુભવ થતો હશે કે નહિ? તેનું સમાધાન કરતાં અહીં બતાવ્યું છે કે એવો નિર્વિકલ્પ સ્વાનુભવ ચોથા ગુણસ્થાનથી જ થાય છે, એવો અનુભવ થાય ત્યારે જ ચોથું ગુણસ્થાન થાય છે. આવો અનુભવ થયા પછી ગુણસ્થાનઅનુસાર પરિણામની મગ્નતા વધતી જાય છે. આવો સ્વાનુભવ કરવાની તૈયારીવાળા જીવની દશા કેવી હોય તે પણ આમાં બતાવ્યું છે. જીવે શુદ્ધાત્માના ચિંતનનો અભ્યાસ કરવો જોઈએ. અનુભવના કાળે શ્રાવકને મુનિ સમાન ગણ્યો છે. સંસારમાં ગમે તેવા કલેશ પ્રસંગો કે પ્રતિકૂળતાના પ્રસંગો આવે, પણ જ્યાં ચૈતન્યના ધ્યાનની સ્ફૂરણા થઈ ત્યાં તે બધાય કલેશો ક્યાંય ભાગી જાય છે. ચિદાનંદ હંસલાનું સ્મરણ કરતાં જ દુનિયાના કલેશો દૂર ભાગે છે. ચૈતન્યના ચિન્તનમાં એકલી આંનદની જ ધારા વહે છે. અનુભવી જીવની અંદરની દશા કોઈ ઓર હોય છે.

**પ્રશ્નઃ- એવો અનુભવ કયા ગુણસ્થાનમાં કહ્યો છે?**

**સમાધાનઃ- ચોથા ગુણસ્થાનથી જ થાય છે. પરંતુ ચોથા ગુણસ્થાને તો ઘણા કાળના અંતરાલે થાય છે, અને ઉપરના ગુણસ્થાને શીઘ્ર શીઘ્ર થાય છે.**

ચોથા ગુણસ્થાનની શરૂઆત જ આવા નિર્વિકલ્પ સ્વાનુભવપૂર્વક થાય છે. સમ્યગ્દર્શન કહો, ચોથું ગુણસ્થાન કહો કે ધર્મની શરૂઆત કહો તે આવા સ્વાનુભવ વગર થતી નથી. સ્વાનુભવને પ્રત્યક્ષ કહ્યો, તેમાં અતીન્દ્રિય વચનાતીત આનંદ કહ્યો, તેમાં કોઈ વિકલ્પ નથી એમ કહ્યું, તેથી કોઈને પ્રશ્ન ઊઠે કે આવો ઊંચો –અતીન્દ્રિય, પ્રત્યક્ષ સ્વાનુભવ કોને થતો હશે ?–તો કહે છે કે આવો અનુભવ ચોથા ગુણસ્થાનથી જ થાય છે. આવી નિર્વિકલ્પ આનંદદશા ગૃહસ્થપણામાં રહેલા સમ્યગ્દ્રષ્ટિને પણ મતિ–શ્રુતજ્ઞાનવડે થાય છે.

ચોથા ગુણસ્થાને વિશેષ–વિશેષકાળનાં અંતરે કોઈ કોઈવાર આવો અનુભવ થાય છે. પહેલી વાર જ્યારે ચોથું ગુણસ્થાન પ્રગટયું ત્યારે તો નિર્વિકલ્પઅનુભવ થયો જ હતો, પણ પછી ફરીને એવો અનુભવ અમુક વિશેષકાળના અંતરે થાય છે ને પછી ઉપર–ઉપરના ગુણસ્થાને તેવો અનુભવ વારંવાર થાય છે. પાંચમા ગુણસ્થાને ચોથા કરતાં અલ્પ અલ્પકાળના અંતરે અનુભવ થાય છે; (ચોથા ગુણસ્થાનવાળા કોઈ જીવને કોઈકવાર તુરત જ એવો અનુભવ થાય તે જુદી વાત છે.) અને છઠ્ઠા–સાતમા ગુણસ્થાનવર્તી મુનિને તો વારંવાર અંતર્મુહૂર્તમાં જ નિયમથી વિકલ્પ તૂટીને સ્વાનુભવ થયા જ કરે છે. સમ્યગ્દ્રષ્ટિને ચોથા ગુણસ્થાને વધુમાં વધુ કેટલા અંતરે સ્વાનુભવ થાય–એ સંબંધી કોઈ ચોક્કસ માપ જાણવામાં આવતું નથી છઠ્ઠાસાતમા ગુણસ્થાનવર્તી મુનિને માટે તો નિયમ છે કે અંતર્મુહૂર્તમાં નિર્વિકલ્પ ઉપયોગ થાય જ; નહિતર મુનિદશા જ ન ટકે. મુનિદશામાં કદી એમ ન બને કે લાંબા કાળસુધી નિર્વિકલ્પઅનુભવ ન આવે ને બાહ્યપ્રવૃત્તિમાં (સવિકલ્પદશામાં) જ રહ્યા કરે. ત્યાં તો અંતર્મુહૂર્તમાં નિયમથી નિર્વિકલ્પધ્યાન થાય જ છે. મુનિદશામાં કોઈ જીવ ભલે લાખો–કરોડો વર્ષો રહે અને તે દરમિયાન છઠ્ઠું–સાતમું ગુણસ્થાન વારંવાર અંતર્મુહૂર્તમાં આવ્યા કરે, એ રીતે સમુચ્ચયપણે તેને છઠ્ઠા ગુણસ્થાનનો કાળ ભલે લાખો–કરોડો વર્ષો થઈ જાય, પણ એકસાથે અંતર્મુહૂર્તથી વિશેષ કાળ છઠ્ઠું ગુણસ્થાન રહી શકે જ નહીં. છઠ્ઠા ગુણસ્થાનનો કાળ જ અતર્મુહૂર્તથી વધુ નથી, પછી લાંબો વખત ઊંઘવાની તો વાત જ શી? ભગવાને છઠ્ઠા ગુણસ્થાનનો જે ઉત્કૃષ્ટકાળ કહ્યો છે તે ઉત્કૃષ્ટકાળ પણ એવા જીવને જ હોય છે કે જે ત્યાંથી પાછો મિથ્યાત્વમાં જવાનો હોય. બીજા જીવોને એવો ઉત્કૃષ્ટકાળ હોતો નથી, તેને તો તેથી ઓછા કાળમાં વિકલ્પ તૂટીને સાતમું ગુણસ્થાન આવી જાય છે. મુનિઓ વારંવાર નિર્વિકલ્પરસ પીએ છે.

અહો, નિર્વિકલ્પતા તે તો અમૃત છે.

બધા મુનિઓને સવિકલ્પ વખતે છઠ્ઠું ને ક્ષણમાં નિર્વિકલ્પધ્યાન થતાં સાતમું ગુણસ્થાન થાય છે. જેમ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ–સ્વાનુભવપૂર્વક પ્રગટે છે તેમ મુનિદશા પણ નિર્વિકલ્પધ્યાનમાં જ પ્રગટે છે,–પહેલાં ધ્યાનમાં સાતમું ગુણસ્થાન પ્રગટે ને પછી વિકલ્પ ઊઠતાં છઠ્ઠે આવે. મુનિને તો વારંવાર નિર્વિકલ્પધ્યાન થાય છે. એ તો કેવળજ્ઞાનના એકદમ નજીકના પાડોશી છે. અહા, વારંવાર શુદ્ધોપયોગના આનંદમાં ઝૂલતા એ મુનિની અંતરદ્દશાની શી વાત! અરે, સમ્યગ્દ્રષ્ટિ–શ્રાવકને પણ ધ્યાન વખતે તો મુનિ જેવો ગણ્યો છે. હું શ્રાવક છું કે મુનિ છું–એવો કોઈ વિકલ્પ જ એને નથી, એને તો ધ્યાન વખતે આનંદના વેદનમાં જ લીનતા છે. ચોથા ગુણસ્થાને આવો અનુભવ કોઈકવાર થાય છે, પછી જેમ જેમ ભૂમિકા વધતી જાય છે તેમ તેમ કાળ અપેક્ષાએ વારંવાર થાય છે ને ભાવ અપેક્ષાએ લીનતા વધતી જાય છે.

ચોથા ગુણસ્થાને સ્વાનુભવ લાંબા કાળના અંતરે થવાનું કહ્યું અને ઉપરના ગુણસ્થાને તે શીઘ્ર શીઘ્ર થવાનું કહ્યું; આ રીતે ગુણસ્થાન–અનુસાર માત્ર કાળના અંતરની જ અનુભવમાં વિશેષતા છે કે બીજી કોઈ વિશેષતા છે? તો કહે છે કે પરિણામોની લીનતામાં પણ વિશેષતા છે. સ્વાનુભવની જાત તો બધા ગુણસ્થાનોમાં એક છે, ચૈતન્યસ્વભાવમાં જ બધાયનો ઉપયોગ લાગેલો છે પણ તેમાં પરિણામની મગ્નતા ગુણસ્થાનઅનુસાર વધતી જાય છે. સાતમા ગુણસ્થાને સ્વાનુભવમાં જેવી લીનતા છે તેવી તીવ્ર લીનતા ચોથા ગુણસ્થાને નથી; એ રીતે નિર્વિકલ્પતા બંનેને હોવા છતાં પરિણામની મગ્નતામાં વિશેષતા છે. જેમ કોઈ બે પુરુષો સમાનક્રિયા કરતા હોય,–ભગવાનનું નામ લેતા હોય, સ્નાન કરતા હોય કે ભોજનાદિ કરતા હોય, બંનેના પરિણામ તેમાં લાગેલા હોય છતાં પરિણામની એકાગ્રતામાં બંનેને ફેર હોય છે, કોઈના પરિણામ તેમાં મંદપણે લાગેલા હોય ને કોઈના તીવ્રપણે લાગેલા હોય; ત્યાં બંનેનો ઉપયોગ તો એક જ કાર્યમાં લાગેલો છે પણ એકના પરિણામ તે કાર્યમાં મંદપણે વર્તે છે ને બીજાના પરિણામ તેમાં તીવ્રપણે વર્તે છે; તેમ ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પતા હોય ને સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પતા હોય,–ત્યાં તે બંનેનો ઉપયોગ તો આત્માને વિષે અનુભવમાં જ લાગેલો છે, પરંતુ ચોથા કરતાં સાતમા ગુણસ્થાને સ્વરૂપમાં પરિણામની મગ્નતા ઘણી છે; અંદર અબુદ્ધિપૂર્વકનો રાગ ઘણો મંદ છે. ચોથા ગુણસ્થાને સ્વાનુભવ વખતે પણ અંદર અબુદ્ધિપૂર્વક (ભલે મંદ) ત્રણ કષાય ચોકડી વિદ્યમાન છે, અને સાતમા ગુણસ્થાને માત્ર એક સંજ્વલન કષાયચોકડી જ બાકી છે. સ્વાનુભવમાં પરિણામોની લીનતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ કષાયોનો અભાવ થતો જાય છે.

આ પ્રકારે સ્વાનુભવની ગુણસ્થાનઅનુસાર વિશેષતા જાણવી. જેમ જેમ ગુણસ્થાન વધતું જાય તેમ તેમ કષાયો ઘટતા જાય ને સ્વરૂપમાં લીનતા વધતી જાય. ધર્મીને ગુણસ્થાન અનુસાર જેટલી શુદ્ધી થઈને જેટલી વીતરાગતા થઈ તેટલી શુદ્ધી ને વીતરાગતા તો પર તરફના ઉપયોગ વખતે પણ ટકી રહે છે ને તેટલું તો બંધન તેને થતું જ નથી. ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પધ્યાનમાં હોય તોપણ ત્યાં અનંતાનુબંધી સિવાયના ત્રણે કષાયનું અસ્તિત્વ છે, ને છઠ્ઠા ગુણસ્થાને શુભવિકલ્પમાં વર્તતા હોય તોપણ ત્યાં અપ્રત્યાખ્યાનાવરણ કે પ્રત્યાખ્યાનાવરણ કષાય નથી, માત્ર સંજ્વલન કષાય છે; એટલે સ્વાનુભૂતિમાં ન હોય તેથી તેને બીજા કરતાં વધુ કષાયો હોય–એમ નથી. પણ એટલું ખરું કે એક જ ભૂમિકાવાળો જીવ તે સવિકલ્પદશામાં હોય તેના કરતાં નિર્વિકલ્પદશા વખતે તેને કષાયો ઘણા જ મંદ થઈ જાય છે. ચોથાગુણસ્થાને સ્ત્રીપુત્રાદિવાળા શ્રાવકને, અરે! આઠ વર્ષની બાલિકાને કે તીર્યંચને પણ એ નિર્વિકલ્પદશા વખતે બુદ્ધિપૂર્વકના બધા રાગદ્વેષ છૂટી ગયા હોય છે, માત્ર ચૈતન્યગોળો–આનંદના સાગરથી ઊલ્લસતો–દેહથી

ભિન્ન અનુભવાય છે. એટલે આવા ધ્યાન વખતે તો શ્રાવકને પણ મુનિસમાન ગણ્યો છે. એ ધ્યાનમાં જ્ઞાનાદિની નિર્મળતા પણ વધતી જાય છે, પરિણામની સ્થિરતા પણ વધતી જાય છે.

જ્ઞાની સંસારમાં ગૃહસ્થપણામાં રહ્યા હોય, રાગ–દ્વેષ ક્રોધાદિ કલેશપરિણામ અમુક થતા હોય, પણ એને એની લાળ લંબાતી નથી; સંસારના ગમે તેવા કલેશપ્રસંગો કે પ્રતિકૂળતાના પ્રસંગો આવે, પણ જ્યાં ચૈતન્યના ધ્યાનની સ્ફૂરણા થઈ ત્યાં તે બધાય કલેશ ક્યાંય ભાગી જાય છે; ગમે તેવા પ્રસંગમાંય એના શ્રદ્ધા–જ્ઞાન ઘેરાઈ જતા નથી. જ્યાં ચિદાનંદ–હંસલાનું સ્મરણ કર્યું ત્યાં જ દુનિયાના બધા કલેશો દૂર ભાગી જાય છે; તો એ ચૈતન્યના અનુભવમાં તો કલેશ કેવો? એમાં તો એકલો આનંદ છે....એકલી આનંદની જ ધારા વહે છે. માટે કહે છે કે અરે જીવો! આ ચૈતન્યસ્વરૂપના ચિંતનમાં કલેશ તો જરાપણ નથી ને તેનું ફળ મહાન છે, મહાન સુખની તેના ચિંતનમાં પ્રાપ્તિ થાય છે, તો એને કેમ ધ્યાનમાં ચિંતવતા નથી? ને કેમ બહાર જ ઉપયોગને ભમાવો છે? જ્ઞાનીને બીજું બધું ભલે દેખાય પણ અંદર ચૈતન્યની જડીબુટ્ટી હાથમાં રાખી છે. સંસારના ઝેરને ઉતારી નાખનારી આ જડીબુટ્ટી સૂંઘતાં સંસારના એના થાક ક્ષણભરમાં ઊતરી જાય છે.

જીવે શુદ્ધાત્માના ચિંતનનો અભ્યાસ કરવો જોઈએ. જેને ચૈતન્યના સ્વાનુભવનો રંગ લાગે એને સંસારનો રંગ ઊતરી જાય. ભાઈ, તું અશુભ, ને શુભ બંનેથી દૂર થા ત્યારે શુદ્ધાત્માનું ચિંતન થશે. જેને હજી પાપના તીવ્ર કષાયોની પણ નિવૃત્તિ નથી, દેવ–ગુરુની ભક્તિ, ધર્માત્માનું બહુમાન, સાધર્મીઓનો પ્રેમ વગેરે અત્યંત મંદકષાયની ભૂમિકામાં પણ જે નથી આવ્યો, તે અકષાય ચૈતન્યનું નિર્વિકલ્પધ્યાન ક્યાંથી કરશે? પહેલાં બધાય કષાયનો (શુભ–અશુભનો) રંગ અંદરથી ઊડી જાય....જ્યાં એનો રંગ ઊડી જાય ત્યાં એની અત્યંત મંદતા તો સહેજે થઈ જ જાય, ને પછી ચૈતન્યનો રંગ ચડતાં તેની અનુભૂતિ પ્રગટે. બાકી પરિણામને એકદમ શાન્ત કર્યા વગર એમને એમ અનુભવ કરવા માંગે તો થાય નહીં. અહા, અનુભવી જીવની અંદરની દશા કોઈ ઓર હોય છે!

આ પ્રમાણે નિર્વિકલ્પ અનુભવનું સ્વરૂપ ઘણા પ્રકારે સ્પષ્ટ કર્યું. સમ્યગ્દ્રષ્ટિને ચોથા ગુણસ્થાને પણ આવો અનુભવ થાય છે એ પણ ખાસ બતાવ્યું. આ રીતે સમ્યક્ત્વની અને સ્વાનુભવની અલૌકિક ચર્ચા કરી. જુઓ, સાધર્મીઓ અરસપરસ સમ્યગ્દર્શનની ને સ્વાનુભવની કેવી સરસ ચર્ચા કરે તે આમાં દેખાય છે. ધર્માત્મા એકબીજાના સંગમાં હોય તે અનુભવની અલૌકિક ચર્ચા કરતા હોય છે. જેમ બે વેપારી ભેગા થાય તો વેપારની ને ભાવતાલની વાતો કરે, બે ચોર ભેગા થાય તો ચોરીની ચર્ચા કરે, તેમ બે ધર્મી ભેગા થાય તો સ્વાનુભવની વાત કરે. જેને જે વાત પ્રિય લાગે તેનું જ તે ઘોલન કરે છે, મુમુક્ષુએ સ્વાનુભવનું સ્વરૂપ સમજીને સતત તેનો અભ્યાસ કર્તવ્ય છે.

# પરમાત્મતત્ત્વની ભાવનાનું ફળ
## અને તેની ભાવનાનું પ્રોત્સાહન

*

**પરમાત્મપ્રકાશ એટલે શુદ્ધ પરમ-આત્મતત્ત્વની ભાવનાનું શાંત ઝરણું...જેની ભાવના પરમ આનંદ આપે....જેની ભાવનાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પમાય....જેની ભાવનાથી સિદ્ધપદ પમાય...જેને ગણધરાદિ મુનિવરો અને ધર્માત્માઓ પરમ આદરપૂર્વક આરાધે.....આવા પરમાત્મતત્ત્વની ભાવનાનું ફળ બતાવીને શિષ્યજનોને તેમાં પ્રોત્સાહિત કરે છે.**

**( ભાદરવા વદ છઠ્ઠે પરમાત્મપ્રકાશની પૂર્ણતા પ્રસંગનું ભાવવાહી પ્રવચન )**

*

શ્રી યોગીન્દુદેવે પરમાત્મપ્રકાશમાં દેહાદિથી ભિન્ન પરમાત્મસ્વરૂપનું વર્ણન કરીને, વારંવાર શુદ્ધ આત્મતત્ત્વની ભાવનાનું ઘોલન કર્યું. હવે છેલ્લી ગાથામાં, આવા પરમાત્મ– તત્ત્વની ભાવનાનું ઉત્તમ ફળ બતાવીને શિષ્યજનોને તેનું પ્રોત્સાહન આપે છે.:–

( સ્રગ્ધરાઃ ક્યારે એ માનસ્તંભે.....એ રાગ )

जं तत्तं णाणरूवं परम मुणिगणा णिच्च झायंति चित्ते
जं तत्तं देहचत्तं णिवसइ भुवणे सव्व देहीण देहे।
जं तत्तं दिव्वदेहं तिहुवणगुरुगं सिज्झए संतजीवे
तं तत्तं जस्स सुद्धं फुरइ णियमणे पावए सो हि सिद्धिं।।२१३।।

અહો, અનંત આનંદનો ભંડાર જેમાં ભર્યો છે એવું આ ચૈતન્ય પરમ તત્ત્વ, તે ધ્યાનવડે જેના અંતરમાં સ્ફૂરાયમાન થાય છે તે જીવ મોક્ષરૂપ પરમ આનંદને પામે છે. પરમ ભાવના કરવા યોગ્ય આ તત્ત્વ કેવું છે? કે જે તત્ત્વ જ્ઞાનરૂપ છે, મુનિવરોનો સમૂહ જેને સદા ધ્યાવે છે, ગણધરો, ઇન્દ્રો, ચક્રવર્તીઓ વગેરે ધર્માત્મા આદરપૂર્વક જે તત્ત્વને આરાધે છે; વળી જે તત્ત્વ દેહથી છૂટું છે, લોકમાં બધા દેહીના દેહમાં જે તત્ત્વ વસી રહ્યું છે, દરેક આત્મા શરીરથી ભિન્ન આવા પરમ તત્ત્વરૂપ છે; તારું આવું પરમ

તત્ત્વ તારામાં જ વસી રહ્યું છે; જે તત્ત્વ શરીરરૂપ જડ–દેહ વગરનું હોવા છતાં કેવળજ્ઞાનરૂપ દિવ્ય દેહવાળું છે, કેવળજ્ઞાનાદિ જ તેનું શરીર છે, તે જ તેનું સ્વરૂપ છે; તે ત્રણ લોકમાં સૌથી મહાન છે, અનંત કેવળજ્ઞાન–અનંત સુખ વગેરેથી મહાનતાને લીધે ત્રણ જગતમાં ગુરુ એટલે કે પૂજ્ય છે–મહાન છે; આવું શુદ્ધ પરમ તત્ત્વ અંતરદ્રષ્ટિવડે જેની નિર્મળ પરિણતિમાં સ્ફૂરાયમાન થાય છે એટલે કે પ્રગટ અનુભવમાં આવે છે તે જીવ સિદ્ધિને પામે છે.

જુઓ, આ પરમાત્મ–તત્ત્વની ભાવનાનું ફળ! અહા, આવા પરમાત્મ તત્ત્વનો પ્રેમ જેને જાગે તેને તેની ભાવનાનો કેટલો ઉત્સાહ હોય? ભાઈ, આ દેહથી છૂટું પરમ તત્ત્વ તારામાં જ વિદ્યમાન છે. આ તારા તત્ત્વને દેહના જડ અવયવોની આધીનતા નથી. તારા તત્ત્વમાં ઇન્દ્રિયો કદી નથી. અતીન્દ્રિય જ્ઞાન–આનંદરૂપ અવયવોથી તારૂં તત્ત્વ રચાયેલું છે, સદાય જ્ઞાન ને આનંદસ્વરૂપ છે. તેને પોતાના સ્વસંવેદનથી જ આનંદનો અનુભવ થાય છે. બીજામાં આનંદ નથી, તેમજ બીજાને જાણતાં પણ આનંદનો અનુભવ થતો નથી; પોતે આનંદસ્વરૂપ છે, ને પોતાને જાણતાં આનંદનો અનુભવ થાય છે. હે જીવ! આવા સ્વતત્ત્વની તું સદાય ભાવના કર.

અરે, પરમ તત્ત્વ અનંતગુણથી ભરેલું તારામાં મોજુદ છે, તેને તો તું દેખતો નથી, ને દેહાદિ પરદ્રવ્ય જે તારામાં અવિદ્યમાન છે તેને જ તું દેખે છે! અરે ભાઈ! અમે તને દેહાદિથી તદ્ન જુદું પરમાત્મા જેવું જ તારું તત્ત્વ દેખાડયું, ફરી ફરીને અનેક પ્રકારે તેનું ઘોલન કરાવ્યું. તે પરમાત્મતત્ત્વની તું ભાવના કર; તેની રાગરહિત રુચિ, તેનું જ્ઞાન, ને ફરી ફરી ભાવના વડે તેમાં લીનતા કર.....જેથી પરમ સુખના અનુભવરૂપ સિદ્ધદશાને તું પામીશ.

શરીરનું તારામાં અસ્તિત્વ જ નથી, તેની ભાવના શી? જે પરચીજ પોતાથી સદા જુદી છે. પોતામાં જેને નાસ્તિ છે ને જેમાં કદી સુખ નથી, એની ભાવના શી? સ્વતત્ત્વ જે સુખરૂપ છે તે જ વારંવાર નિત્ય ભાવવા યોગ્ય છે. તું ઉત્સાહિત થઈને તેને અંતરમાં ભાવ.... ફરીફરીને તેમાં ઉપયોગને વાળ. અરે, જે દેહ તારો નથી, જેનું તારામાં કદી અસ્તિત્વ નથી તેનાથી તને ધર્મ થાય–એ વાત કેવી? એ તો અત્યંત ઊંધી સ્થૂળ બુદ્ધિ છે. જેની તારામાં નાસ્તિ, તેમાંથી તારો ધર્મ કેમ આવે? તારા આત્મતત્ત્વમાં કેવળજ્ઞાનાદિ સ્વભાવ છે તે સ્વભાવમાંથી ધર્મનો પ્રવાહ આવે છે. તારું શરીર (તારૂં સ્વરૂપ) તો કેવળજ્ઞાન છે તેને ભૂલીને તું જડ શરીરમાં મોહ્યો ને તેમાં ધર્મ માન્યો....એ તો

ભ્રમણા છે ને તે ભ્રમણનું કારણ છે. એ ભ્રમણા છોડ....ને અમે દેહથી ભિન્ન જે પરમાત્મ તત્ત્વ વારંવાર બતાવ્યું તેને ઓળખીને તેની ભાવના કર. તે ભાવના ભ્રમણ ટાળીને સિદ્ધપદનું કારણ છે.

અહા, જેની ભાવનાનું આવું ઈષ્ટ ફળ, તે તત્ત્વની ભાવના કોણ ન ભાવે ? સર્વ જીવોએ સદાકાળ સર્વ પ્રકારે શુદ્ધ આત્મતત્ત્વની ભાવના કરવા જેવી છે. એ જ સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય છે.

કેવળજ્ઞાનને પ્રાપ્ત ભગવાનનો જય હો–એવા મંગલઆશીર્વાદરૂપ નમસ્કારપૂર્વક શાસ્ત્ર સમાપ્ત કરે છે. –

( માલિની )

परमपयगयाणं भासओ दिव्वकाओ मणसि मुणिवराणं मुक्खदो दिव्वजोओ।
विसयसुहरयाणं दुल्लहो जो हु लोए जयउ सिवसरुवो केवलो को वि बोहो।। २१४।।

સંતો પોતે આવા પરમાત્મપદને સાધી રહ્યા છે, તેની ઉત્કૃષ્ટ ભક્તિથી કહે છે કે અહો આવું પરમાત્મપદ જેમણે પ્રગટ કર્યું એવા પરમાત્મા જયવંત વર્તો....વૃદ્ધિગત હોય.....એટલે અમારે પણ સાધકભાવની વૃદ્ધિ થઈને આવું પરમાત્મપદ પ્રગટ હો.

ભગવાનનો આત્મા તો સ્વચ્છ સ્વપરપ્રકાશી થઈ ગયો ને તેમનો દેહ પણ પરમૌદારિક એવો સ્વચ્છ દિવ્ય થઈ ગયો કે જેમાં રોગાદિ ન હોય; હજારો સૂર્ય જેવા તેજસ્વી એ દેહમાં જોનારને પોતાના આગલા પાછલા સાત ભવ દેખાય. ( ભવિષ્યના ભવ હોય તો દેખાય ) સંતધર્માત્માઓ અને મુનિવરો અંતરમાં પોતાના આવા પરમતત્ત્વ સ્વરૂપને ધ્યાનવડે દેખે છે. પરમૌદારિક દેહથી પણ આત્મા ભિન્ન છે. આવું પરમચૈતન્ય તત્ત્વ મોક્ષનું દેનાર છે. નિમિત્તપણે અર્હંતપરમાત્મા પણ મોક્ષના દેનાર છે. કેવલ જ્ઞાનસ્વભાવી આ અતીન્દ્રિય પરમાત્મપદ, તેને ઇંદ્રિયવિષયોમાં લુબ્ધ જીવો પામી શકતા નથી. ઇંદ્રિયસુખો તો અતીન્દ્રિયસુખથી વિપરીત છે, એ બંનેની રુચિ એક સાથે હોઈ શકે નહિ. જગતના જીવો વિષયોમાં લુબ્ધ છે તેમને આ પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ દુર્લભ છે. અંતરમાં ધ્યાનવડે જેઓ આવા પરમાત્મપદને પામ્યા તે પરમાત્માનો જય હો.

પરમાત્મતત્ત્વ તે અંતર્મુખ અવલોકનનો વિષય છે, તે બાહ્યવિષયો તરફના વલણથી અનુભવમાં આવે નહિ. શ્રીમદ્ રાજચંદ્રજી પણ છેલ્લે કહે છે કે–

**ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.**

બહિર્મુખ અવલોકનરૂપ મોહથી આ સંસાર છે, તે અંતર્મુખ અવલોકનવડે ક્ષણમાં વિલય પામે છે. પરમાત્મતત્ત્વનો અનુભવ અંતરંગ અવલોકનથી થાય છે. આવા અંતર અનુભવવડે જેઓ પરમાત્મા થયા–પરમ આનંદરૂપ થયા તે ભગવાન પરમાત્માનો જય હો....તે સદા વૃદ્ધિરૂપ હો...તેમને નમસ્કાર હો.

આ રીતે મંગલપૂર્વક પરમાત્મપ્રકાશ ગ્રંથ પૂર્ણ થયો.

આ પરમાત્મપ્રકાશ–ગ્રંથની ટીકાનું વ્યાખ્યાન જાણીને ભવ્ય જીવોએ કેવી ભાવના કરવી તે કહે છે:

# પરમાત્મભાવના

પરમાત્મપ્રકાશનું વ્યાખ્યાન જાણીને ભવ્યજીવોએ શું કરવું? તો કહે છે કે શુદ્ધ આત્માની ભાવના કરવી...મતિ–શ્રુતને અંતરમાં વાળીને શુદ્ધાત્માનો વિચાર કરવો...તેનું નિરંતર ચિંતન કરવું. તે આ પ્રમાણે–

‘सहजशुद्ध ज्ञानानन्द एकस्वभावोहं’–હું સહજ શુદ્ધ જ્ઞાનાનંદએકસ્વભાવ છું. જ્ઞાન ને આનંદ જ મારો સ્વભાવ છે. આવો મારો સ્વભાવ સહજ છે–કોઈ બીજાની અપેક્ષા વગર સ્વતઃ પોતાથી છે. આવો સહજ સ્વભાવ ત્રિકાળ છે, ને તેની ભાવના તે નવી અપૂર્વ અંતર્મુખ પર્યાય છે. આમ પર્યાયને અંદરમાં વાળીને સહજ સ્વભાવનું ઘોલન કરવું. સ્વસંવેદનથી પોતાના આત્માનું આવું સહજ જ્ઞાનાનંદસ્વરૂપ સમજતાં જગતના બધા જીવો પણ પરમાર્થે એવા જ છે–એમ સમજાય છે.

‘निर्विकल्पोहं’ –નિર્વિકલ્પ છું. વચ્ચે વિકલ્પ આવે તે હું નહિ, હું નિર્વિકલ્પ છું. આવા સ્વરૂપની ભાવના કરવી તે કર્તવ્ય છે. પહેલા જ્ઞાન–આનંદની અસ્તિ કીધી ને પછી તેમાં વિકલ્પની નાસ્તિ બતાવી. શુદ્ધજ્ઞાનાનંદસ્વભાવની અસ્તિ તરફ જે પર્યાય વળી તેમાં વિકલ્પની નાસ્તિ છે.

‘उदासीनोहं’ –હું ઉદાસીન છું. જગતથી નિરપેક્ષ, જગતથી જુદો હું મારા સ્વભાવમાં વર્તું છું. ઉત્કૃષ્ટ એવું મારૂં ચૈતન્યસ્વરૂપ તે જ મારૂં આસન છે, તેમાં જ મારો વાસ છે.

***

જે પરને સાધન માને કે પરમાં સુખ માને તે પરથી ઉદાસીન થાય નહિ. સ્વભાવને પોતાથી પરિપૂર્ણ જાણીને તે તરફ વળ્યો ત્યાં જગતના સમસ્ત અન્ય પદાર્થો પ્રત્યે સાચી ઉદાસીનતા થઈ.

સહજ શુદ્ધજ્ઞાનાનંદસ્વભાવ તો ત્રિકાળ છે, પણ તેની પ્રાપ્તિ અને અનુભવ કેમ થાય ? તે બતાવે છે.

“निजनिरंजन शुद्धात्मसम्यक् श्रद्धानज्ञानानुष्ठानरूप निश्चय रत्नत्रयात्मक निर्विकल्पसमाधिसंजात वीतरागसहजानन्दरूप सुखानुभूतिमात्र लक्षणेन स्वसंवेदनज्ञानेन स्वसंवेद्यो गम्यो प्राप्योऽहं।...” નિજ નિરંજન શુદ્ધ આત્માના સમ્યક્ શ્રદ્ધાન–જ્ઞાન–અનુષ્ઠાનરૂપ નિશ્ચયરત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિમાં ઉત્પન્ન એવા વીતરાગ સહજ આનંદરૂપ સુખઅનુભૂતિમાત્ર લક્ષણથી એટલે કે સ્વસંવેદનજ્ઞાનથી સ્વસંવેદ્ય ગમ્ય ને પ્રાપ્ત થાઉં એવો હું છું. જુઓ, સ્વરૂપ કેવું છે ને તેની પ્રાપ્તિ કેમ થાય–અનુભવ કેમ થાય, એ બંને વાત ભેગી બતાવે છે. નિશ્ચય રત્નત્રયવડે મારી પ્રાપ્તિ થાય છે, રાગરૂપ કે વિકલ્પરૂપ વ્યવહાર રત્નત્રયવડે મારી પ્રાપ્તિ થતી નથી. સ્વસંવેદનજ્ઞાનથી જ અનુભવમાં આવું એવો હું છું; સ્વસંવેદનજ્ઞાન રાગ વગરનું વીતરાગ સહજ આનંદના અનુભવરૂપ છે. આવા અનુભવ વગર બીજા ઉપાયથી શુદ્ધાત્માની પ્રાપ્તિ કે સમ્યક્ત્વાદિ થાય નહિ. षट्खंडागम વગેરેમાં નિજબિંબદર્શન વગેરેને સમ્યક્ત્વની ઉત્પત્તિના બાહ્યકારણમાં ગણ્યા છે, પણ તે તો નિમિત્ત બતાવ્યું છે; ત્યાં પણ આવી અંતરની અનુભૂતિ વગર તો જિનબિંબદર્શન વગેરે સમ્યક્ત્વના બાહ્યકારણ પણ થતાં નથી. આત્માનું જ્ઞાન અને આત્માની અનુભૂતિ પરમ આનંદરૂપ છે, તે રાગરૂપ નથી કે રાગવડે થતી નથી; સ્વસંવેદનરૂપ સ્વાનુભૂતિથી જ આત્મસ્વભાવ અનુભવમાં આવે છે. આ સિવાય બીજા કોઈની તેમાં અપેક્ષા નથી. निज એટલે પોતાના આત્માની આવી અનુભૂતિ કેમ થાય તેની આ ભાવના છે. બીજા સામે જોવાનું પ્રયોજન નથી. સ્વાનુભૂતિથી જ આત્મા જણાય છે–વેદાય છે ને પમાય છે, બીજા ઉપાયથી આત્મા જણાતો નથી, વેદાતો નથી કે પમાતો નથી. અનુભૂતિરૂપ મારી નિર્મળ પર્યાયવડે જ હું મને વેદાઉં છું, મારી પર્યાયવડે જ હું મને જણાઉં છું; આત્મા તરફ ઢળેલી નિર્મળપર્યાયમાં જ આત્માની પ્રાપ્તિ થાય છે. પર તરફ ઢળતી પર્યાયમાં આત્માની પ્રાપ્તિ કે અનુભૂતિ થતી નથી. આવું નિજ સ્વરૂપ વિચારીને વારંવાર તેની ભાવના કરવી.

‘भरितावस्थोहं’–એટલે કે મારા સ્વભાવથી હું ભરેલો છું, મારા નિજભાવથી હું પરિપૂર્ણ ભરેલો છું. જગતના બધાય જીવો પોતપોતાના સ્વભાવથી પરિપૂર્ણ ભરપૂર છે. આમ સ્વભાવથી પરિપૂર્ણતારૂપ અસ્તિ બતાવીને હવે પરભાવથી શૂન્યતારૂપ નાસ્તિ બતાવે છે.

"रागद्वेषमोहक्रोधमानमायालोभ–पंचेन्द्रियविषयव्यापार–मनोवचनकायव्यापार –भावकर्म–द्रव्यकर्म–नोकर्म–ख्यातिपूजालाभ–दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदान– मायामिथ्यात्वशल्यत्रय–आदि सर्वविभाव परिणामरहित शून्योऽहं" **એટલે કે હું રાગદ્વેષમોહ–ક્રોધમાનમાયાલોભથી રહિત, પાંચ ઇન્દ્રિયના વિષયવ્યાપારથી રહિત, મનવચનકાયાના વ્યાપારથી રહિત, ભાવકર્મ દ્રવ્યકર્મ નોકર્મથી રહિત, ખ્યાતિ–પૂજાલાભની કે દૈષ્ટશ્રુતઅનુભૂત ભોગની આકાંક્ષારૂપ નિદાનશલ્ય–માયાશલ્ય તથા મિથ્યાત્વશલ્ય– એ ત્રણે શલ્યથી રહિત–ઇત્યાદિ બધા વિભાવપરિણામરહિત હોવાથી શૂન્ય છું.**

મારું સ્વરૂપ સમસ્ત વિભાવપરિણામોથી રહિત છે; હું સ્વભાવથી ભરેલો ને વિભાવોથી શૂન્ય એટલે કે ખાલી છું. રાગ–દ્વેષ–ક્રોધ–માન–માયા–લોભાદિ સમસ્ત પરભાવોથી રહિત, મારા સહજ સ્વભાવથી જ હું ભરેલો છું. આવા સ્વભાવની ભાવના સિવાય બીજા કોઈની ભાવના મને નથી, એટલે હું સમસ્ત વિષયોની અભિલાષાથી રહિત છું. સ્વાનુભૂતિગમ્ય મારા શુદ્ધસ્વરૂપમાં પરભાવ છે જ નહિ. મારું અને જગતના બધા જીવોનું આવું જ શુદ્ધસ્વરૂપ છે. આવી ભાવના નિરંતર કરવી.

અહીં ભાવના એટલે માત્ર વિચાર કે વિકલ્પની વાત નથી પણ જ્ઞાનને વારંવાર સ્વભાવ તરફ વાળવું તેનું નામ ભાવના છે. 'હું આવો છું ને આવો નથી' એમ માત્ર વિકલ્પની વાત નથી પણ અંતરમાં સ્વભાવ તરફની તેવી રુચિ ને પરિણતિ થાય તે સાચી ભાવના છે. ભાવના અનુસાર ભવન એટલે શુદ્ધ સ્વભાવની રુચિનું વારંવાર ઘોલન કરતાં તેવું શુદ્ધ પરિણમન થાય છે, ને પરમાત્મદશા ખીલે છે, તે ભાવનાનું ફળ છે. અહો! આવી પરમાત્મ–ભાવના એ જ પરમ સુખદાતાર છે, તે આનંદરૂપ છે, તેમાં પરમ સમાધિ ને શાંતિ છે, તેમાં આકુળતા નથી, કલેશ નથી. આવી આનંદદાયી પરમાત્મભાવના કોણ ન ભાવે!

સમ્યગ્દર્શન પણ આવી આત્મભાવનાથી જ થાય છે.
સમ્યગ્જ્ઞાન પણ આવી આત્મભાવનાથી જ થાય છે.
સમ્યક્ચારિત્ર પણ આવી આત્મભાવનાથી જ થાય છે.
વીતરાગતા પણ આવી આત્મભાવનાથી જ થાય છે.
કેવળજ્ઞાન પણ આવી આત્મભાવનાથી જ થાય છે.
મોક્ષદશા પણ આવી આત્મભાવનાથી જ થાય છે.
આવી શુદ્ધ આત્મભાવના તે ધર્મ છે.
આવી શુદ્ધ આત્મભાવનામાં પરમ આનંદ છે.

આવા શુદ્ધસ્વભાવની ભાવના સિવાય બીજી કોઈ (રાગની કે સંયોગની) ભાવનાથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–વીતરાગતા–કેવળજ્ઞાન કે મોક્ષ થતો નથી, ધર્મ થતો નથી, આનંદ થતો નથી. માટે મુમુક્ષુએ આ ભાવના નિરંતર કરવાયોગ્ય છે. સર્વજ્ઞદેવના શાસનનો સાર, દિવ્યધ્વનિનું તાત્પર્ય અને બાર અંગના રહસ્યનો નીચોડ આ શુદ્ધાત્મભાવનામાં સમાય છે. તેથી કહે છે કે–

'जगत्त्रये कालत्रयेऽपि मनोवचनकायैः कृतकारितानुमतैश्च शुद्धनिश्चयनयेन तथा सर्वेऽपि जीवाः इति निरंतर भावना कर्तव्येति।'–ત્રણ લોકમાં અને ત્રણે કાળે હું આવો (સ્વભાવથી ભરેલો ને સર્વ વિભાવથી ખાલી) છું તથા બધા જીવો પણ એવા છે–એમ મન–વચન–કાયાથી ને કૃત–કારિત–અનુમોદનાથી નિરંતર ભાવના કર્તવ્ય છે.

જુઓ, આ ભાવના! ત્રણે કાળે ને ત્રણે લોકમાં આવી ભાવના કરવા જેવી છે. ગમે તે ક્ષેત્રમાં કે ગમે તે કાળમાં મારો આત્મા આવો શુદ્ધસ્વરૂપ જ છે–એ ભાવના કરવા જેવી છે. મનથી–વચનથી–કાયાથી એ જ ભાવના કરવા જેવી છે, એ જ ભાવના કરાવવા જેવી છે ને એ જ ભાવના અનુમોદવા જેવી છે.

પ્રશ્નઃ– પહેલાં મનવચનકાયાના વ્યાપારથી હું જુદો છું–એમ કહ્યું હતું ને અહીં મનવચનકાયાવડે ભાવના કરવાનું કહ્યું!

ઉત્તરઃ– અહીં વિકલ્પ ઊઠે ને મનવચનકાયા તરફ લક્ષ જાય તો તેમાં પણ શુદ્ધાત્માની ભાવનાની જ મુખ્યતા રાખવી એમ બતાવ્યું છે. મનમાં વિચાર ઊઠે તો તે શુદ્ધાત્માની ભાવનાના જ પોષાક, વચન નીકળે તો તે પણ શુદ્ધાત્માની ભાવનાના જ પ્રતિપાદક, અને કાયાની ચેષ્ટા થાય તો તે પણ શુદ્ધાત્માની ભાવનાને જ અનુરૂપ,–એ રીતે મનવચનકાયાથી પણ શુદ્ધ આત્માની જ ભાવના ભાવવી. આમાં મનવચનકાયાની ભાવના નથી પણ એનાથી ભિન્ન સ્વભાવની ભાવના છે.

ત્રણેકાળે આત્મસ્વભાવ આવો શુદ્ધ છે એમ ભાવના કરવી; ભૂતકાળે પણ હું આવો શુદ્ધ જ હતો,–પણ ત્યારે હું મારા આ સ્વભાવને ભૂલ્યો હતો. હવે ભાન થતાં ખબર પડી કે પહેલાં અજ્ઞાનદશા વખતેય મારો સ્વભાવ આવો શુદ્ધ હતો. આમ ત્રણેકાળે શુદ્ધસ્વભાવની ભાવના ભાવવી.

પ્રશ્નઃ– વર્તમાનમાં તો પર્યાયમાં દોષ છે, તો ત્રણેકાળે શુદ્ધતાની ભાવના કેમ થાય?

ઉત્તરઃ– વર્તમાન પર્યાયમાં અલ્પ દોષ છે પણ ભાઈ! એ જ વખતે પહાડ જેવડો નિર્દોષસ્વભાવ વિદ્યમાન છે તેને પ્રધાન કર ને તેનો મહિમા લાવીને તેની ભાવના

કર; તે સ્વભાવની ભાવના વડે પર્યાયનો દોષ ટળી જશે ને શુદ્ધતા ખીલી જશે, પર્યાયના જરાક દોષ આડે આખા નિર્દોષ સ્વભાવને ભૂલ્યો તેથી તું ભવમાં ભટક્યો, પણ પર્યાયના દોષને મુખ્ય ન કરતાં તે દોષથી જુદા શુદ્ધસ્વભાવને દેખ, ને તેની જ ભાવના કર, તો પર્યાયમાં પણ તેનું સ્વસંવેદન થશે ને દોષ નહિ રહે.

મારો આત્મા અને જગતના બધા આત્માઓ પણ આવા શુદ્ધસ્વભાવથી ભરેલા છે; બીજા આત્માને પણ ક્ષણિક દોષ જેટલો ન દેખ પણ તેને શુદ્ધસ્વભાવના પિંડરૂપ દેખ. બધાય આત્માને શુદ્ધસ્વભાવપણે દેખવા–તેમાં પોતાની શુદ્ધાત્મભાવનાનું જોર છે. બધા આત્માને દ્રવ્યદ્રષ્ટિથી શુદ્ધપણે દેખે ત્યાં કોના ઉપર રાગ–દ્વેષ–થાય? ક્યાંય ન થાય. એટલે આ ભાવનામાં પરિણતિ રાગદ્વેષથી છૂટીને અંતર્સ્વભાવમાં વળે છે ને વીતરાગતા થાય છે.

વિકાર તે હું, અલ્પજ્ઞ તે હું, ક્રોધી હું, રોગી હું, દુઃખી હું–એવી ભાવના ન ભાવવી, હું તો નિર્દોષ શુદ્ધ પરમસ્વભાવી આત્મા, હું સર્વજ્ઞતાનો પૂંજ, હું ક્રોધાદિ રહિત શાંત, હું શરીર રહિત, હું પરમ આનંદમય–એમ ઉત્તમ સ્વભાવની ભાવના નિરંતર ભાવવી. સમયસારમાં જયસેનાચાર્યની ટીકામાં પણ શાસ્ત્રના તાત્પર્ય તરીકે આવી જ ભાવના કરવાનું કહ્યું છે; એ જ ભવ્ય જીવોનું નિરંતર કર્તવ્ય છે, ને એ મંગળરૂપ છે.

## આત્મધર્મ

આ અંકની સાથે આત્મધર્મ–માસિકનું ૨૨મું વર્ષ પુરું થાય છે. આગામી અંકથી ૨૩મું વર્ષ શરૂ થશે. નવા વર્ષનું લવાજમ (ચાર રૂપીઆ) વેલાસર મોકલીને વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતિ છે. લવાજમ વેલાસર મોકલવામાં આપની જરાક તકલીફ સંસ્થાના અને રાષ્ટ્રની સરકારી કચેરીઓ ઉપરના કામના દબાણને ઓછું કરવામાં સહાયરૂપ થશે. લવાજમ મોકલવાનું સરનામું:–

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ (સૌરાષ્ટ્ર)

# નિજસ્વરૂપની અનુભવનશીલ અને પરભાવોની મેટનશીલ એવી જ્ઞાનજ્યોતિ

**જે જ્ઞાનજ્યોતિ પ્રગટતાં આત્મામાં મોક્ષમાર્ગનો અપૂર્વ પ્રકાશ ખીલે છે ને અનાદિના અજ્ઞાનઅંધારા નાશ પામે છે. તે જ્ઞાનજ્યોતિ કેવી છે? નિજ સ્વરૂપની જાણનશીલ અને પરભાવોની મેટનશીલ, એવી તે જ્ઞાનજ્યોતિનું આ વર્ણન છે. ભેદજ્ઞાનના અભ્યાસ માટેના વિચારો કેવા હોય તે પણ આમાં બતાવ્યું છે.**

**(સમયસાર કલશટીકા-પ્રવચનો કળશ ૪૬-૪૭)**

卐

આ કર્તાકર્મ–અધિકાર છે. આત્મા સર્વજ્ઞસ્વભાવી છે; તે સ્વભાવનું ખરૂં કાર્ય શું? તેને ભૂલીને અજ્ઞાની વિભાવ સાથેના કર્તાકર્મની મિથ્યાબુદ્ધિથી સંસારમાં રખડે છે. કર્તાકર્મસંબંધી ભ્રમ ટળે તો વિકારથી ભિન્ન જ્ઞાનભાવે પરિણમે, એટલે સંસાર ટળે ને મોક્ષ થાય. એ વાત આચાર્યદેવ આ અધિકારમાં સમજાવે છે.

ભાઈ, તું તો જ્ઞાન છો. જ્ઞાનને પર સાથે તો કર્તાકર્મપણું નથી ને ક્રોધાદિ સાથે પણ જ્ઞાનને કર્તાકર્મપણું નથી. ક્રોધ અને જ્ઞાનને ભિન્ન કરતી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે, તે જ્ઞાનજ્યોતિ પરભાવ સાથેના કર્તાકર્મ ભાવને દૂર કરે છે. ‘આ ક્રોધાદિ તે મારું કર્મ ને જ્ઞાનસ્વરૂપ હું તેનો કર્તા’–આવી જ્ઞાન અને ક્રોધ વચ્ચેની જે કર્તાકર્મની બુદ્ધિ છે તે અજ્ઞાનથી જ છે. કર્તા અને કર્મ એકમેક હોય, જુદા ન હોય; હવે જ્ઞાનને અને ક્રોધને જેણે કર્તાકર્મપણું માન્યું તેણે જ્ઞાનને અને ક્રોધાદિ પરભાવોને એકમેક માન્યા, જુદા ન જાણ્યા, તો તે પરભાવના કર્તૃત્વથી ક્યારે છૂટે? પરભાવની પક્કડ કરે તેને પરભાવ ટળે નહિ ને સ્વભાવના નિર્મળ ભાવો પ્રગટે નહિ, એટલે ધર્મ થાય નહિ.

પણ, ધીર ને ઉદાર એવી સમ્યગ્જ્ઞાનજ્યોતિ જ્ઞાનને અને ક્રોધાદિને અત્યંત જુદા જાણે છે, પરભાવના અંશમાત્રને જ્ઞાનમાં પ્રવેશવા દેતી નથી. આવી જ્ઞાનજ્યોતિ મંગળરૂપ છે. આ જ્ઞાનજ્યોતિ સ્વકાર્યને બરાબર જાણે છે, પણ પરભાવરૂપ કાર્યને તે જરાપણ કરતી નથી. એ જ્ઞાનજ્યોતિ જાણનશીલ છે, ને પરભાવની મેટનશીલ છે. મિથ્યાત્વજનિત જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તેને જ્ઞાનજ્યોતિ સર્વ પ્રકારે અત્યંત દૂર કરે છે.

હજી તો આત્મા કર્તા ને જડ તેનું કાર્ય, શરીર અને કર્મને આત્મા કરે–એમ પર સાથે આત્માને કર્તાકર્મપણું માને છે તેને તો જડ–ચેતનની ભિન્નતાનુંય ભાન નથી, એવા જીવો તો અજ્ઞાનઅંધકારમાં પડેલા છે, ભિન્નભિન્ન વસ્તુને તેઓ દેખી શકતા નથી.

સર્વજ્ઞ પરમાત્માએ જે વસ્તુસ્વરૂપ જોયું અને ઉપદેશ્યું તેનો સંત ઉપદેશ કરે છે કે હે જીવ! ચિદ્રૂપશક્તિ તારા આત્મામાં ભરેલી–વિદ્યમાન છે તે જ પ્રગટ થાય છે. દરેક આત્મા સદાય જ્ઞાનશક્તિથી પરિપૂર્ણ છે. પણ તે સ્વભાવનો મહિમા લાવીને તેને અનુભવમાં લ્યે ત્યારે આત્મા નિજસ્વરૂપનો અનુભવનશીલ થાય, અને ત્યારે જીવ–કર્મની એકત્વબુદ્ધિ છૂટે, એટલે મિથ્યાત્વ છૂટે ને જ્ઞાનજ્યોતિ પ્રકાશમાન થાય. આવું જે જ્ઞાન ઉદય પામ્યું તે જ્ઞાન મિથ્યાત્વાદિ પરપરિણતિને ઉખેડી નાખે છે, અને ભેદના અનુભવરૂપ સમસ્ત વિકલ્પજાળને તોડી પાડે છે.

એક દ્રવ્યમાં તો પરિણામી અને પરિણામ એવા ભેદ પાડીને ઉપચારથી કર્તાકર્મપણું કહેવાય છે, એક વસ્તુમાં ભેદ પાડીને કર્તા–કર્મપણું કહ્યું માટે તેને ઉપચાર કહ્યો; પણ તેવી રીતે પર દ્રવ્ય સાથે તો ઉપચારથી પણ આત્માને કર્તાકર્મપણું નથી, કેમકે બંનેને એક વસ્તુપણું નથી.

કર્તા–કર્મપણું ત્યાં જ હોય કે જ્યાં વ્યાપ્ય–વ્યાપકપણું હોય.

વ્યાપ્ય–વ્યાપકપણું તેમને જ હોય કે જેમને એકવસ્તુપણું હોય.

ભિન્ન વસ્તુઓમાં વ્યાપ્યવ્યાપકપણું કે કર્તાકર્મપણું કદી ન હોય.

અહીં તો એક વસ્તુમાંય કર્તાને કર્મ એવા બે ભેદ પાડવા તે ઉપચાર છે, ત્યાં પર સાથે કર્તાકર્મની શી વાત?

જ્ઞાનસ્વરૂપ એવો હું કર્તા ને ક્રોધાદિ મારું કાર્ય, એવી જે પોતામાં જ્ઞાન ને ક્રોધાદિ વચ્ચેની એકત્વબુદ્ધિરૂપ કર્તાકર્મની બુદ્ધિ તે પણ જ્યાં મિથ્યાત્વ છે, ત્યાં બહારના કાર્યોના કર્તૃત્વની તો શી વાત? જીવ જ્યાં જ્ઞાની થયો કે તરત તેને એ કર્તાકર્મની મિથ્યાબુદ્ધિ ટળી, ને પરભાવનો અકર્તા થઈને જ્ઞાનભાવપણે પરિણમ્યો; ઝળઝળતો ભેદજ્ઞાનસૂર્ય તેના આત્મામાં ઊગ્યો.

ભેદજ્ઞાનરૂપ સૂર્ય મહા બળવાન છે, વિકલ્પોનો તેને સહારો નથી, તે જ્ઞાનસૂર્ય

નિજપ્રકાશદ્વારા કર્તૃત્વના મિથ્યાત્વઅંધકારને છેદી નાંખે છે. રાગને તો તે ભેદનાર છે, તો રાગ તેનો સહાયક કેમ હોય ?

મોક્ષનું કારણ ભેદજ્ઞાન છે.

બંધનું કારણ ભેદજ્ઞાનનો અભાવ, એટલે કે પરભાવમાં એકત્વબુદ્ધિનો સદ્ભાવ જ છે, એટલે ક્રોધાદિ સાથે કર્તાકર્મની બુદ્ધિરૂપ મિથ્યાત્વ જ બંધનું મૂળકારણ છે.

હવે મોક્ષના કારણરૂપ ભેદજ્ઞાન કેમ થાય ? ને ભેદજ્ઞાનીના વિચારો કેવા હોય ? તે બતાવે છે, હું જ્ઞાનસ્વરૂપ આત્મા, મારા સ્વરૂપમાં જ વ્યાપનાર છું, ને પર ચીજ સાથે મારે કાંઈ સંબંધ નથી. 'જ્ઞાનમાત્ર ભાવ હું છુ' એમ સ્વરૂપ વિચારીને તે તરફ ઝૂકવાથી પરભાવોથી ભિન્નતારૂપ ભેદજ્ઞાન થાય છે.

એક વસ્તુમાં કર્તા અને કર્મ એવા બે ભેદ પાડવા તે પણ જ્યાં શુદ્ધદ્રષ્ટિમાં નથી પાલવતું, ત્યાં એક વસ્તુને અત્યંત ભિન્ન બીજી વસ્તુ સાથે સંબંધ બતાવવો એ તો ક્યાંથી પાલવે ? પર સાથે કર્તાકર્મની બુદ્ધિવાળો અજ્ઞાની પોતાના ભિન્ન તત્ત્વને કદી અનુભવી શકે નહિ; ને અંદર ગુણ–પર્યાયના ભેદ પાડીને તેના વિકલ્પમાં રોકાય તો ત્યાંસુધી પણ આત્મવસ્તુ અનુભવમાં આવતી નથી. જેના વિચાર જ ભેદજ્ઞાનથી ઊલટા છે તેને ભેદજ્ઞાન ક્યાંથી થાય ? યથાર્થ આત્મસ્વરૂપનો વિચાર અને નિર્ણય કરે તો ભેદજ્ઞાન થાય. વિચાર એટલે વિકલ્પની વાત નથી પણ જ્ઞાનમાં સમ્યક્ નિર્ણય કરવો તે વિચારનું કાર્ય છે. વસ્તુસ્વરૂપ તરફ વિચાર ઝૂકે તો ભેદજ્ઞાન થાય.

મારું વ્યાપ્ય–વ્યાપકપણું મારામાં છે, પર સાથે મારે અંશમાત્ર વ્યાપ્ય–વ્યાપકપણું કે કર્તાકર્મપણું નથી. આવા દ્રઢ વિચારજ્ઞાનવડે ઉપયોગ અંતરમાં વળતાં ભેદજ્ઞાન થાય છે. 'કર વિચાર તો પામ' ભગવાને સમવસરણમાં જેવું વસ્તુસ્વરૂપ કહ્યું તેવું વિચારમાં લેતાં તેના અભ્યાસથી તેનો અનુભવ થાય છે.

વસ્તુમાં ભેદ પાડીને વિચાર કરવામાં આવે તો તે પણ પોતામાં ને પોતામાં જ સમાય છે, ભેદ પાડતાં પણ પર સાથે તો વસ્તુને કર્તાકર્મપણાનો સંબંધ થતો નથી; પર સાથેના કર્તાકર્મ સંબંધની વાત તો તદ્દન ઊખેડી નાંખી. પોતામાં કર્તા–કર્મનો ભેદ પાડવો એટલો પણ વ્યવહાર છે, ને એકવસ્તુના પરમાર્થ અનુભવમાં તો એટલો ભેદ પણ નથી. પોતાના સમસ્ત ગુણ–પર્યાયોને પોતામાં જ સમાવીને, એકવસ્તુપણે જ્ઞાનજ્યોતિ પોતાના આત્માને દેખે છે. આવી જ્ઞાનજ્યોતિમાં કોઈ વિભાવનો પ્રવેશ નથી, સમસ્ત વિભાવથી જુદા નિજસ્વરૂપને તે અનુભવે છે માટે તે જ્ઞાનજ્યોતિ નિજસ્વરૂપની અનુભવનશીલ છે ને પરભાવોની મેટનશીલ છે, એટલે કે સ્વરૂપને અનુભવવાનો તેનો સ્વભાવ છે ને પરભાવોને તોડવાનો તેનો સ્વભાવ છે. આવી ભેદજ્ઞાનજ્યોતિ આત્મામાં પ્રગટે તે મંગલપ્રભાત છે.

# આત્મહિતના અભિલાષીનું પ્રથમ કર્તવ્ય
# તત્ત્વનિર્ણય

**તત્ત્વનિર્ણયરૂપ ધર્મ તો બાળ, વૃદ્ધ, રોગી, નીરોગી, ધનવાન, નિર્ધન, સુક્ષેત્રી તથા કુક્ષેત્રી આદિ સર્વ અવસ્થામાં પ્રાપ્ત થવાયોગ્ય છે, તેથી જે પુરુષ પોતાના હિતનો વાંછક છે તેણે સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણયરૂપ કાર્ય જ કરવું યોગ્ય છે.**

[ शार्दूलविक्रीडित ]

न क्लेशो न धनव्ययो न गमनं देशान्तरे प्रार्थना
केषांचिन्न बलक्षयो न तु भयं पीडा न कस्माश्च न।
सावद्यं न न रोग जन्मपतनं नैवान्य सेवा नहि
चिद्रूपं स्मरणे फलं बहुतरं किन्नाद्रियन्ते बुधाः।।

[ तत्त्वज्ञानतरंगिणी ]

અર્થઃ– ચિદ્રૂપ (જ્ઞાનસ્વરૂપ) આત્માનું સ્મરણ કરવામાં નથી કલેશ થતો, નથી ધન ખર્ચવું પડતું, નથી દેશાંતર જવું પડતું, નથી કોઈ પાસે પ્રાર્થના કરવી પડતી, નથી બળનો ક્ષય થતો, નથી કોઈ તરફથી ભય કે પીડા થતી; વળી તે સાવદ્ય (પાપનું કાર્ય) નથી, રોગ કે જન્મમરણમાં પડવું પડતું નથી, કોઈની સેવા કરવી પડતી નથી; આવી કોઈ મુશ્કેલી વિના જ્ઞાનસ્વરૂપ આત્માના સ્મરણનું ઘણું જ ફળ છે, તો પછી ડાહ્યા પુરુષો તેને કેમ આદરતા નથી?

વળી જેઓ તત્ત્વનિર્ણયની સન્મુખ નથી થયા તેમને જાગૃત કરવા ઠપકો આપે છે કેઃ–

साहिणे गुरुजोगे जे ण सुणंतीह धम्मवयणाई।
ते धिट्ठ दुट्ठचित्ता अह सुहडा भवभयविहुणा।।

અર્થઃ– ગુરુનો યોગ સ્વાધીન હોવા છતાં જેઓ ધર્મવચનોને સાંભળતા નથી તેઓ ધીઠ અને દુષ્ટ ચિત્તવાળા છે અથવા તેઓ ભવભયરહિત સુભટ છે,–જે સંસારથી શ્રી તીર્થંકરાદિક ડર્યા તેનાથી તેઓ ડરતા નથી! આમ કહીને તેના ઉપર કટાક્ષ કર્યો છે.

જેઓ શાસ્ત્રાભ્યાસદ્વારા તત્ત્વનિર્ણય તો નથી કરતા અને વિષય–કષાયના કાર્યોમાં જ મગ્ન છે તેઓ તો અશુભોપયોગી મિથ્યાદ્રષ્ટિ છે; તથા જેઓ સમ્યગ્દર્શન વિના પૂજા, દાન, તપ, શીલ સંયમાદિ વ્યવહારધર્મમાં (શુભભાવમાં) મગ્ન છે તેઓ શુભોપયોગી મિથ્યાદ્રષ્ટિ છે. માટે ભાગ્યોદયથી જેઓ મનુષ્યપર્યાય પામ્યા છે તેમણે તો સર્વ ધર્મનું મૂળ કારણ સમ્યગ્દર્શન, અને તેનું મૂળ કારણ તત્ત્વનિર્ણય, તથા તેનું પણ મૂળ કારણ સત્સમાગમ અને શાસ્ત્રાભ્યાસ, તે અવશ્ય કરવાયોગ્ય છે.

જે આવા અવસરને વ્યર્થ ગુમાવે છે તેમના ઉપર બુદ્ધિમાન કરુણા કરી કહે છે કેઃ–

प्रज्ञैव दुर्लभा सुष्ठु दुर्लभा सान्यजन्मने।
तां प्राप्य ये प्रमाद्यन्ति ते शोच्याः खलु धीमताम्।।

અર્થઃ– પ્રથમ તો સંસારમાં બુદ્ધિ હોવી જ દુર્લભ છે. અને પરલોક અર્થે બુદ્ધિ થવી તો અતિ દુર્લભ છે; એવી બુદ્ધિ પ્રાપ્ત થયા છતાં જેઓ પ્રમાદ કરે છે તે જીવો વિષે જ્ઞાનીઓને શોચ થાય છે.

આ દુર્લભ મનુષ્યજન્મ પામીને જેને સાચા જૈની થવું છે તેણે તો સત્સમાગમ અને શાસ્ત્રના આશ્રયે તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે; પણ જે તત્ત્વનિર્ણય તો નથી કરતો, અને પૂજા, સ્તોત્ર, દર્શન, ત્યાગ, તપ, વૈરાગ્ય, સંયમ, સંતોષ આદિ બધાંય કાર્યો કરે છે, તેનાં એ બધાંય કાર્યો અસત્ય છે, તેનાથી મોક્ષ નથી. માટે સત્સમાગમે આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરા ગુરુઓનો ઉપદેશ અને સ્વાનુભવ દ્વારા તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે. જિનવચન તો અપાર છે, તેનો પૂરો પાર તો શ્રી ગણધરદેવ પણ પામ્યા નહિ. માટે જે મોક્ષમાર્ગની પ્રયોજનભૂત રકમ છે તે તો નિર્ણયપૂર્વક અવશ્ય જાણવા યોગ્ય છે. કહ્યું છે કેઃ–

अन्तो णत्थि सुईणं कालो थोओवयं च दुम्मेहा।
तं णवर सिक्खियव्वं जिं जरमरणक्खयं कुणहि।।

અર્થઃ– શ્રુતિઓનો અન્ત નથી, કાળ થોડો છે, અને બુદ્ધિ અલ્પ છે; માટે હે જીવ! તારે તે શીખવા યોગ્ય છે કે જેથી તું જન્મમરણનો નાશ કરી શકે.

## આત્મહિત માટે પ્રથમ સર્વજ્ઞનો નિર્ણય

હે જીવો! તમારે જો પોતાનું ભલું કરવું છે તો સર્વ આત્મહિતનું મૂળ કારણ, જે આપ્ત તેના સાચા સ્વરૂપનો નિર્ણય કરી, જ્ઞાનમાં લાવો. કારણ કે સર્વે જીવોને સુખ પ્રિય છે, સુખ ભાવકર્મોના નાશથી થાય છે, ભાવકર્મનો નાશ સમ્યક્ચારિત્રથી થાય છે, સમ્યક્ચારિત્ર–સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વક થાય છે, સમ્યગ્જ્ઞાન આગમથી થાય છે, આગમ કોઈ સર્વજ્ઞ વીતરાગ પુરુષની વાણીથી ઉપજે છે. માટે જે સત્પુરુષ છે તેમણે પોતાના કલ્યાણ અર્થે સર્વ સુખનું મૂળ કારણ જે આપ્ત–અર્હંત–સર્વજ્ઞ પરમાત્મા તેમનો યુક્તિપૂર્વક સારી રીતે સર્વથી પ્રથમ નિર્ણક કરી આશ્રય લેવો યોગ્ય છે. હવે જેનો ઉપદેશ સાંભળીએ છીએ, જેના કહેલા માર્ગ ઉપર ચાલવા માગીએ છીએ, જેની સેવા પૂજા, આસ્તિક્યતા, જાપ, સ્મરણ, સ્તોત્ર, નમસ્કાર, અને ધ્યાન કરીએ છીએ એવા જે અર્હંત સર્વજ્ઞદેવ, તેમનું પ્રથમ પોતાના જ્ઞાનમાં સ્વરૂપ તો ભાસ્યું જ નથી તો તમે નિશ્ચય કર્યા વિના કોનું સેવન કરો છો? લોકમાં પણ એવી પદ્ધતિ છે કે અત્યંત નિષ્પ્રયોજન વાતનો પણ નિર્ણય કરી પ્રવર્તે છે. અને તમે આત્મહિતના મૂળ આધારભૂત જે અર્હંતદેવ તેનો પણ નિર્ણય કર્યા વિના જ પ્રવર્તો છો, તો એ મોટું આશ્ચર્ય છે!

વળી તમને નિર્ણય કરવા યોગ્ય જ્ઞાન પણ પ્રાપ્ત થયું છે. માટે તમે આ અવસરને વૃથા ન ગુમાવો. આળસ આદિ છોડી, તેના નિર્ણયમાં પોતાને લગાવો કે જેથી તમને વસ્તુનું સ્વરૂપ, જીવાદિનું સ્વરૂપ, સ્વ–પરનું ભેદવિજ્ઞાન, આત્માનું સ્વરૂપ, હેય–ઉપાદેય અને શુભ–અશુભ–શુદ્ધ અવસ્થારૂપ પોતાના પદ–અપદનું

સ્વરૂપ–એ બધાનું સર્વ પ્રકારથી યથાર્થ જ્ઞાન થાય. સર્વ મનોરથ સિદ્ધ કરવાનો ઉપાય જે અર્હંત–સર્વજ્ઞનું યથાર્થ જ્ઞાન, તે જે પ્રકારથી સિદ્ધ થાય તે પ્રથમ કરવા યોગ્ય છે. આ રીતે સર્વથી પ્રથમ અર્હંત સર્વજ્ઞનો નિર્ણય કરવારૂપ કાર્ય કરવું એ શ્રીગુરુની મૂળ શિક્ષા છે.

## સાચું જ્ઞાન સમ્યગ્દ્રષ્ટિને હોય છે.

પોતપોતાના પ્રકરણમાં પોતપોતાના જ્ઞેયસંબંધી અલ્પ વા વિશેષ જ્ઞાન સર્વને હોય છે, કારણ કે લૌકિક કાર્ય તો બધાય જીવો જાણપણાપૂર્વક જ કરે છે, તેથી લૌકિક જાણપણું તો સર્વ જીવોને થોડું વા ઘણું બની જ રહ્યું છે. પણ મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જે આપ્તઆગમ આદિ પદાર્થો તેનું સાચું જ્ઞાન સમ્યક્દ્રષ્ટિને જ હોય છે, તથા સર્વ જ્ઞેયનું જ્ઞાન કેવળી ભગવાનને જ હોય છે એમ જાણવું.

## જિનમતની આજ્ઞા

કોઈ કહે છે કેઃ– સર્વજ્ઞની સત્તા ( હયાતી ) નો નિશ્ચય અમારાથી ન થયો તો શું થયું ? એ દેવ તો સાચા છે ને ? માટે પૂજનાદિ કરવા અફળ થોડા જ જાય છે ? તેનો ઉત્તરઃ– જો તમારી કિંચિત્ મંદકષાયરૂપ પરિણતિ થશે તો પુણ્યબંધ તો થશે; પરંતુ જિનમતમાં તો દેવના દર્શનથી આત્મદર્શનરૂપ ફળ થવું કહ્યું છે, તે તો નિયમથી સર્વજ્ઞની સત્તા જાણવાથી જ થશે, અન્ય પ્રકારથી નહિ થાય; એ જ શ્રી પ્રવચનસાર ગાથા ૮૦માં કહ્યું છે.

વળી તમે લૌકિક કાર્યોમાં તો એવા ચતુર છો કે વસ્તુના સત્તા આદિ નિશ્ચય કર્યા વિના જરાય પ્રવર્તતા નથી; અને અહીં તમે સત્તાનો નિશ્ચય પણ ન કરતાં ઘેલા અનધ્યવસાયી ( નિર્ણય વગરના ) થઈ પ્રવર્તો છે, એ મોટું આશ્ચર્ય છે ! શ્લોકવાર્તિકમાં કહ્યું છે કે–જેની સત્તાનો જ નિશ્ચય નથી થયો તેનું પરીક્ષાવાળાએ કેવી રીતે સ્તવન કરવા યોગ્ય છે ? માટે તમે સર્વ કાર્યોની પહેલાં પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરો, એ જ ધર્મનું મૂળ છે તથા એ જ જિનમતની આમ્નાય છે.

## આત્મકલ્યાણના અભિલાષીને ભલામણ

જેણે આત્મકલ્યાણ કરવું છે તેણે જિનવચનરૂપ આગમનું સેવન, યુક્તિનું અવલંબન પરંપરા ગુરુનો ઉપદેશ તથા સ્વાનુભવ એ કર્તવ્ય છે; પ્રથમ પ્રમાણ, નય, નિક્ષેપ, આદિ ઉપાયથી જિનવચનનું સત્યપણું પોતાના જ્ઞાનમાં નક્કી કરવું. અને ગમ્યમાન થયેલાં સત્યરૂપ સાધનના બળથી ઉત્પન્ન થયેલું જે અનુમાન, તેનાથી સર્વજ્ઞની સત્તા સિદ્ધ કરી, તેનાં શ્રદ્ધાન, જ્ઞાન, દર્શન, પૂજન, ભક્તિ, સ્તોત્ર અને નમસ્કારાદિક કરવા યોગ્ય છે.

શ્રી જિનેન્દ્રદેવનો સેવક જાણે છે કે મારું ભલુ–બૂરું મારા પરિણામોથી જ થાય છે. આમ સમજીને તે પોતાના હિતના ઉદ્યમમાં પ્રવર્તે છે, તથા અશુદ્ધ કાર્યોને છોડે છે. જેણે જિનદેવના સાચા સેવક થવું હોય, વા જિનદેવે ઉપદેશેલા મોક્ષમાર્ગમાં પ્રવર્તવું હોય તેણે સર્વથી પહેલાં જિનદેવના સાચા સ્વરૂપનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરી તેનું શ્રદ્ધાન કરવું એ કર્તવ્ય છે.

# વિવિધ વચનામૃત

**( આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંક : ૧૩ )**

## ( ૧૮૧ ) સ્વાનુભવનાં કિરણ

સ્વાનુભવરૂપી સૂર્યનાં કિરણો વડે જ મોક્ષમાર્ગ દેખાય છે. જ્યાં સ્વાનુભવનાં કિરણોનો પ્રકાશ નથી ત્યાં મોક્ષમાર્ગ દેખાતો નથી. રાગ તો અંધકારમય બંધભાવ છે, તેના વડે મોક્ષમાર્ગ ક્યાંથી સધાય? અરે, બંધભાવ અને મોક્ષભાવ વચ્ચે પણ જેને વિવેક નથી એને શુદ્ધાત્માનું વીતરાગ–સંવેદન ક્યાંથી થાય? અને સ્વાનુભવના કિરણ ફૂટયા વગર મોક્ષમાર્ગનો પ્રકાશ ક્યાંથી પ્રગટે? અજ્ઞાનીને સ્વાનુભવનો કણિયો પણ નથી તો પછી મોક્ષમાર્ગ કેવો? સ્વાનુભવ વગર જે કાંઈ ભાવ કરે તે બધાય ભાવો બંધમાર્ગમાં છે, તે કોઈ ભાવ મોક્ષમાર્ગમાં આવતા નથી, ને તેનાથી મોક્ષમાર્ગ સધાતો નથી. સ્વાનુભવનો સૂરજ ઊગે ત્યારે મોક્ષમાર્ગ સાચો.

卐

## ( ૧૮૨ ) અમૃતભોજી નિઃશંક જ્ઞાન

અમૃતભોજી એટલે કે અતીન્દ્રિયજ્ઞાનને અનુભવનું જ્ઞાન, તેણે સિદ્ધ જેવા નિજસ્વરૂપ સાથે એકતા કરીને, પોતાના અબંધસ્વભાવને નિઃશંક પ્રતીતમાં લીધો, તે જ્ઞાનમાં હવે કર્મબંધની શંકા કેમ હોય? શુદ્ધતાનું ધામ એવા આ ચૈતન્યમૂર્તિ આત્માને વિકારી માન્યો તેને જ કર્મબંધની શંકા પડે છે. ધર્માત્મા પોતાના સહજસ્વભાવમાં નિઃશંક વર્તતા થકા, તેને જ સ્વપણે અનુભવતા થકા, જીવ કર્મથી ખરેખર બંધાયો છે–એવી શંકાને જરાપણ પામતા નથી.

નિયમસારમાં ‘આપ્ત’ ને શંકા રહિત કહ્યા છે; તે સર્વજ્ઞ પરમાત્મા છે; અને સર્વજ્ઞ– સ્વભાવમાં સમ્યગ્દ્રષ્ટિ નિઃશંક છે તે અપેક્ષાએ તે ( ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દ્રષ્ટિ ) પણ આપ્ત છે.

## ( ૧૮૩ ) જ્ઞાન-આનંદની ભરતી

સમકિતીને આનંદનું વેદન કરતું જ્ઞાન ઊછળ્યું છે, તે કોઈથી રોકાય નહિ. ઇન્દ્રિય –મન મોળાં પડે તોપણ જ્ઞાનની ભરતી અટકે નહિ. અને જ્યાં આવું જ્ઞાન નથી ત્યાં ઇન્દ્રિય–મનના અવલંબને જ્ઞાનમાં ભરતી આવી શકે નહિ, પરલક્ષી શાસ્ત્રજ્ઞાનવડે પણ જ્ઞાનમાં ભરતી ન આવે. ભગવાન આત્મા નિજ સ્વભાવના

આનંદને અનુભવતો ઉલ્લસિત થયો ત્યાં પર્યાયમાં ધર્માત્માને જે જ્ઞાન–આનંદની ભરતી આવી, જે અપૂર્વ લબ્ધિ ઉલ્લસી, તે કોઈથી રોકાય નહિ, તેમાં ઓટ આવે નહિ.

## ( ૧૮૪ ) મૂળ વસ્તુ

બહારનું બીજું યાદ રહો કે ન રહો, પણ ધર્મીને ચૈતન્યતત્ત્વના સ્વાનુભવથી સ્વભાવના જે અવગ્રહ–ઈહા–અવાય–ધારણ થયા તે ભવાંતરે પણ ભૂલાય નહિ, જે ભરતીથી ચૈતન્યદરિયો ઊછળ્યો તે હવે કેવળજ્ઞાન લીધે છૂટકો, તેમાં વચ્ચે ઓટ આવે નહિ. અને આવા ચૈતન્યની જ્યાં અનુભૂતિ નથી ત્યાં બહારના હજારો ઉપાય વડે કે જાણપણાવડે પણ પર્યાયમાં જ્ઞાન–આનંદની ભરતી આવી શકે નહિ. આ રીતે ચૈતન્યની અનુભૂતિ એ મૂળવસ્તુ છે, તેમાં આનંદની ભરતી છે.

## ( ૧૮૫ ) ધર્માત્માની અપૂર્વ લબ્ધિ

ધર્મી જીવ નિત્ય આનંદના ભોજી છે, નિત્ય આનંદને જ તે ભોગવે છે. આ આનંદનું વેદન એ મૂળવસ્તુ છે. સમ્યગ્દ્રષ્ટિ થયો ત્યાં આવું અપૂર્વ આનંદવેદન થયું, તે અપૂર્વ લબ્ધિ છે. આવા આનંદના વેદન વગર અપૂર્વલબ્ધિ કહેવાય નહિ ને સમ્યક્ત્વ થાય નહિ. અહા, અપૂર્વલબ્ધિ ધર્માત્માએ પ્રાપ્ત કરી છે, જે જ્ઞાન–આનંદ પૂર્વે કદી લબ્ધ થયા ન હતા તે જ્ઞાન–આનંદની અપૂર્વલબ્ધિ થઈ.....સિદ્ધ સાથે એકતા થઈ, સત્તા ભિન્ન રાખીને જાતિ અપેક્ષાએ એકતા થઈ; સિદ્ધોની પંક્તિમાં બેઠો. આવી અપૂર્વલબ્ધિ સમ્યક્ત્વમાં પ્રાપ્ત થઈ છે.

## ( ૧૮૬ ) આનંદના દરબારમાં અમૃત પીધું

સ્વાનુભવથી નિર્વિકલ્પ આનંદરૂપી અમૃત જેણે પીધું તે આત્મા સજીવન થયો; પહેલાં વિકારની એકતારૂપ મિથ્યાત્વના ઝેરવડે ભાવમરણે મરતો હતો, પણ જ્યાં ભેદજ્ઞાન કરીને, વિકારની ભિન્ન ચૈતન્યસ્વભાવને અનુભવમાં લીધો ત્યાં અતીન્દ્રિય આનંદરૂપી અમૃતસંજીવનીને અનુભવતો થકો આત્મા સજીવન થયો, મરણ રહિત અમર થયો. અહો, આવું જ્ઞાન જેને પ્રગટયું તેના મહિમાની શી વાત ? તે પરમાત્માનો પુત્ર થયો, તે સર્વજ્ઞનો નંદન થયો....આનંદના દરબારમાં તેણે પ્રવેશ કર્યો....ત્યાં હવે આનંદનું જ વેદન છે.

## ( ૧૮૭ ) અંદરનું પાતાળ ફોડીને આનંદધારા ઉલ્લસી

જેમ ઘરમાં જવા માટે તેના બારણાં ખખડાવે તેમ ચૈતન્યસ્વભાવના ઘરમાં પ્રવેશવા માટે તેના બારણાં ખખડાવ એટલે કે તે સ્વભાવનો પક્ષ કર. સ્વભાવનો પક્ષ કરીને તેમાં જેણે પ્રવેશ કર્યો તે જીવ આત્માના આનંદનો ભોગવટો કરે છે. સાતમી નરકમાં પણ અસંખ્યાત જીવ સમ્યગ્દર્શન પામેલા છે, તેઓ સાતમી નરકમાંય આનંદામૃતનું ભોજન કરે છે; બહારના ચોખાનો કણ કે પાણીનું ટીપું નથી

મળતું પણ અંદરના ચૈતન્યભંડાર ખોલીને અતીન્દ્રિયઆનંદરૂપી અમૃતનાં ભોજનપાન કરે છે. અરે, નરકમાં તે આનંદ હોય? હા ભાઈ, સમ્યગ્દ્રષ્ટિ જીવને ત્યાં પણ આનંદનું વેદન છે;–પણ તે આનંદ કાંઈ નરકમાં નથી, આનંદ તો આત્મામાં છે. નિજઆત્મામાંથી ધર્મી જીવ આનંદને અનુભવે છે; તે આનંદ જેમ બહારના સંયોગમાંથી આવ્યો નથી તેમ બહારના પ્રતિકૂળ સંયોગથી અટકતો પણ નથી. અંદરનું પાતાળ ફોડીને જે આનંદની ધારા ઉલ્લસી તે ધારા કોઈથી અટકે નહિ. તે અત્યંત ધીર–ગંભીર છે.....તેનો પ્રવાહ તૂટે નહિ, તે પ્રવાહમાં ભરતી થઈને કેવળજ્ઞાન થવાનું છે.

## (૧૮૮) તે ક્યાંથી મોક્ષ પામે?

પરમાત્મપ્રકાશમાં કહે છે કે

दाणु ण दिण्णउ मुनिवरहँ
ण वि पुज्जिउ जिण-णाहु।
पंच ण वंदिउ परमगुरु
किमु होसइ सिव-लाहु।। १६८।।

જેણે રત્નત્રયના આરાધક મુનિવરોને ભક્તિપૂર્વક દાન દીધું નથી, અનંતગુણધારી જિનનાથને જેણે પૂજ્યા નથી, ને પંચ પરમગુરુની ભક્તિપૂર્વક વંદના જેણે કરી નથી–તે શ્રાવકને મોક્ષલાભ ક્યાંથી થશે?

## (૧૮૯) નિશ્ચિંત થા

હે જીવ! તું પરદ્રવ્યની ચિન્તાને છોડીને જ્યારે સ્વદ્રવ્યના ધ્યાનમાં તત્પર થઈશ ત્યારે જ ભવભ્રમણથી છૂટીશ. પરમાત્મસ્વભાવથી પરાંગ્મુખ થઈને પરદ્રવ્યની જેટલી ચિંતાજાળ છે તે સંસારનું કારણ છે. હોનહાર તીર્થંકર પણ જ્યાંસુધી પર દ્રવ્યની ચિન્તામાં આસક્ત છે ને સ્વદ્રવ્યમાં લીન થતા નથી ત્યાં સુધી તેમને પણ શુદ્ધોપયોગ, કેવળજ્ઞાન કે મોક્ષ થતો નથી. ચિન્તાસક્ત જીવને નિર્વિકલ્પધ્યાન સિદ્ધ થતું નથી. સમસ્ત પરચિંતા છોડીને ઉપયોગને જે સ્વદ્રવ્યમાં જોડે છે તેને જ નિર્વિકલ્પધ્યાન, શુદ્ધોપયોગ, કેવળજ્ઞાન ને મોક્ષ થાય છે. માટે હે જીવ! નિશ્ચિંત થઇને તું શુદ્ધાત્માને ભાવ. નિશ્ચિંતપુરુષો જ આત્માને સાધે છે.

## (૧૯૦) સમ્યગ્દર્શન જયવંત છે

जयति सुखनिधानं मौक्षवृक्षैकबीजं
सकलमलविमुक्तं दर्शन यद्विना स्यात्।
मतिरपि कुमतिर्नु दुश्चरित्रं चरित्रं
भवति मनुजजन्म प्राप्तमप्राप्तमेव।। ७७।।

ધર્મોપદેશરૂપી અમૃત વર્ષાવતાં શ્રી પદ્મનંદીસ્વામી કહે છે કે તે સુખનિધાન સમ્યગ્દર્શન આ જગતમાં જયવંત છે કે જે મોક્ષવૃક્ષનું એક બીજ છે, જે સકલ મલથી વિમુક્ત છે, જેના વગરની મતિ તે કુમતિ છે, જેના વગરનું ચારિત્ર તે દુઃચારિત્ર છે, અને જેના વગર આ પ્રાપ્ત થયેલો મનુષ્ય જન્મ પણ નહિ પ્રાપ્ત થવા સમાન છે.




( ૫ )

**તત્ત્વરસિક જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ-દશ પ્રશ્ન દશ ઉત્તર. આ વિભાગ પૂ. ગુરુદેવ પાસે થયેલ તત્ત્વચર્ચામાંથી તેમજ શાસ્ત્રોમાંથી તૈયાર કરવામાં આવે છે.**

*

**( ૫૧ ) પ્રશ્નઃ-** જન્મ અને મૃત્યુ ઉપર વિજય કેવી રીતે મેળવાય ?

ઉત્તરઃ– જન્મ–મરણ વગરનો એવો જે આત્મા–તેમાં તન્મયદશા થતાં ને દેહ સાથેનો સંબંધ છૂટતાં આત્મા જન્મ–મરણ રહિત દશા પામે છે. દેહનો જેને મોહ છે તેને જ ફરી દેહનો સંબંધ ( –જન્મ–મરણ ) થાય છે. દેહનો મોહ તૂટતાં જન્મ–મરણ છૂટી જાય છે.....ને અવિનાશી સિદ્ધપદ પમાય છે. આ રીતે આત્મજ્ઞાન તે જન્મ–મરણને જીતવાનો ઉપાય છે.

**( ૫૨ ) પ્રશ્નઃ-** ભરતક્ષેત્રનો જીવ મરીને સીધો વિદેહમાં જન્મે ખરો ?

ઉત્તરઃ– હા, મિથ્યાદ્રષ્ટિ હોય તો જન્મી શકે; પણ આરાધક મનુષ્ય મરીને કર્મભૂમિના મનુષ્યમાં ( –વિદેહાદિમાં ) જન્મે નહિ–એ નિયમ છે. વિરાધકજીવ ગમે ત્યાં જન્મે. કદાચ કોઈ મનુષ્યને પૂર્વે મિથ્યાત્વદશામાં મનુષ્યનું આયુષ બંધાઈ ગયું હોય ને પછી સમ્યક્ત્વ ( –ક્ષાયિક ) પામે તો તે આરાધક જીવ મરીને મનુષ્યમાં ઊપજે, પણ તે અસંખ્યાત વર્ષના આયુષવાળા ભોગભૂમિના મનુષ્યમાં જ ઊપજે, કર્મભૂમિમાં ન ઊપજે એ નિયમ છે. વિદેહક્ષેત્ર તે કર્મભૂમિ છે. ભોગભૂમિમાં ચોથા ગુણસ્થાનથી ઉપરના કોઈ ગુણસ્થાનો હોતાં નથી. ભોગભૂમિનો જીવ ત્યાંથી મરીને નિયમથી સ્વર્ગમાં જ જાય.

**( ૫૩ ) પ્રશ્નઃ- કેવળજ્ઞાનીના શરીરમાં નિગોદજીવો હોય ?**

**ઉત્તરઃ**- ના, કેવળજ્ઞાનીને પરમ ઔદારિક શરીર છે, તેના આશ્રયે નિગોદના જીવો હોતાં નથી. આકાશમાં તે ક્ષેત્રે હોય,-કેમકે લોકમાં સર્વત્ર નિગોદ જીવો છે, પરંતુ તે જીવો પરમ ઔદારિકશરીરને આશ્રિત નથી. કેવળજ્ઞાનીનું પરમ ઔદારિક શરીર, મુનિનું આહારક શરીર, દેવોનું તથા નારકીનું વૈક્રિયિક શરીર, તથા પૃથ્વીકાય-અપ્કાય-વાયુકાય અને તેજોકાય એ સ્થાનોના આશ્રયે નિગોદજીવો હોતાં નથી.

**( ૫૪ ) પ્રશ્નઃ**- જાતિસ્મરણજ્ઞાન ક્યારે થાય ?

ઉત્તરઃ- એ જ્ઞાન જેને પૂર્વ ભવના તે પ્રકારના સંસ્કાર હોય તેને થાય છે. પણ મુમુક્ષુને મુખ્યતા આત્મજ્ઞાનની છે, જાતિસ્મરણની મુખ્યતા નથી. મોક્ષનું કારણ આત્મજ્ઞાન છે, જાતિસ્મરણજ્ઞાન મોક્ષનું કારણ નથી. ધર્મસંબંધનું જાતિસ્મરણજ્ઞાન હોય તો તે વૈરાગ્યનું કે સમ્યક્ત્વાદિનું નિમિત્ત થાય છે; પણ મુમુક્ષુને ભાવના અને પ્રયત્ન આત્મજ્ઞાનનો હોય, જાતિસ્મરણનો નહિ.

જાતિસ્મરણ તો ભવને જાણે છે, કોઈ અજ્ઞાનીને પણ તે સંભવે છે.

આત્મજ્ઞાનથી આત્માની સ્વજાતને જાણવી તે પરમાર્થ જાતિસ્મરણ છે.

**( ૫૫ ) પ્રશ્નઃ**- દર્શનમોહની એક પ્રકૃતિનું નામ 'સમ્યક્ત્વ-પ્રકૃતિ' કેમ છે ?

ઉત્તરઃ- કેમકે તેના ઉદયની સાથે સમ્યક્ત્વ પણ હોય છે, એટલે સમ્યક્ત્વની સહચારિણી હોવાથી તેનું નામ 'સમ્યક્ત્વપ્રકૃતિ' પડયું. ક્ષાયોપશમિક સમ્યક્ત્વની સાથે તેનો ઉદય હોય છે.

**( ૫૬ ) પ્રશ્નઃ**- જીવ અત્યારે જે પુણ્ય-પાપ કરે છે તેનું ફળ ક્યારે મળે ?

ઉત્તરઃ- કરેલાં પુણ્ય-પાપનું ફળ કોઈ જીવને આ ભવમાં જ પણ આવી જાય છે, ને કોઈને પછીના ભવોમાં આવે છે. કોઈને પુણ્યભાવની કે પવિત્રતાની વિશેષતાના બળે પૂર્વનાં પાપ પલટીને પુણ્યરૂપ પણ થઈ જાય છે, એ જ રીતે તીવ્ર પાપથી

કોઈને પૂર્વનાં પુણ્ય પલટીને પાપરૂપ પણ થઈ જાય છે. (આ બંધાયેલા કર્મોની અપેક્ષાએ વાત કરી.) પરિણામ અપેક્ષાએ પુણ્ય–પાપના ભાવનો ભોગવટો તો તે પરિણામ વખતે જ જીવને થતો હોય છે, તેની મંદ–તીવ્ર આકુળતાને તે વખતે જ તે વેદે છે. કોઈ જીવ શુદ્ધતાના બળે, પૂર્વે બાંધેલા કર્મોને ફળ આવ્યા પહેલાં જ છેદી નાખે છે.

**(૫૭) પ્રશ્નઃ-** **'જબ તું આયો જગતમેં, જગ હંસે તું રોય,**
**અબ કરની ઐસી કરો તુમ હંસે જગ રોય.'**

**-આ પદનો ભાવાર્થ શું ?**

**ઉત્તરઃ-** આ દુર્લભ મનુષ્ય અવતાર પામીને આત્મહિતનું ઉત્તમ કાર્ય કરવાની પ્રેરણા આપતાં કવિ કહે છે કે હે જીવ! જ્યારે તેં અહીં જન્મ ધારણ કર્યો ત્યારે જગતના લોકો (સ્નેહીઓ) તારા જન્મનો આનંદ માનીને હસતા હતા ને તું તો જન્મના ત્રાસથી રડતો હતો; પણ હવે જીવનમાં એવી ઉત્તમ કરણી કરી જા કે જેથી તું તો હસતાં હસતાં આનંદપૂર્વક આરાધનાથી દેહ છોડીને પરલોકમાં જા, પણ તારા વિયોગથી તારા ગુણો સંભારી સંભારીને જગતના સ્નેહીઓ રૂએ.

**(૫૮) પ્રશ્નઃ-** વસ્તુના દ્રવ્યસ્વભાવમાં અશુદ્ધતા નથી તો પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવે છે?

ઉત્તરઃ– વસ્તુ 'દ્રવ્ય' અને 'પર્યાય' એવા બે સ્વભાવવાળી છે, તેમાં દ્રવ્યસ્વભાવમાં અશુદ્ધતા નથી, પણ પર્યાયનો સ્વભાવ શુદ્ધ ને અશુદ્ધ એવા બંને પ્રકારનો છે; એટલે પર્યાયની અશુદ્ધતા દ્રવ્યસ્વભાવમાંથી આવેલી નથી પણ તત્ક્ષણ પૂરતી પર્યાયનો તે ભાવ છે. પર્યાય બીજી ક્ષણે મટતાં તે અશુદ્ધતા પણ મટી જાય છે. પર્યાય દ્રવ્યાશ્રયે પરિણમતાં શુદ્ધ થાય છે, પરાશ્રયે પરિણમતાં અશુદ્ધ થાય છે. પણ તે અશુદ્ધતા નથી તો પરમાંથી આવી, કે નથી દ્રવ્યસ્વભાવમાંથી આવી.

**( ૫૯ ) પ્રશ્નઃ-** સમ્યગ્દર્શન પામ્યો ત્યારે જે આનંદ જીવને અનુભવાયો તેનું ભાષામાં વર્ણન આવી શકે કે કેમ ?

ઉત્તરઃ– એ અતીન્દ્રિય વેદનનું વાણીમાં પૂરું વર્ણન ન આવે; અમુક વર્ણન આવે, તે ઉપરથી સામો જીવ જો તેવા લક્ષવાળો હોય તો સાચી સ્થિતિ સમજી જાય.

**( ૬૦ ) પ્રશ્નઃ-** એક છૂટો પરમાણુ આંખથી કે બીજા કોઈ દૂરબીન વગેરે સાધનથી જોઈ શકાય ખરો ?

ઉત્તરઃ– ના, પાંચ ઇન્દ્રિયસંબંધી જ્ઞાનનો તે વિષય નથી; અવધિજ્ઞાન વડે પરમાણુને જાણી શકાય, પણ અવધિજ્ઞાન બહારના કોઈ સાધનથી થતું નથી. અવધિજ્ઞાન આંખવડે પણ જાણતું નથી. તેમજ પરમાણુને જાણે એવું સૂક્ષ્મ અવધિજ્ઞાન તો જ્ઞાનીને જ થાય છે, અજ્ઞાનીને તેવું અવધિજ્ઞાન હોતું નથી. એટલે, એકત્વરૂપ પરમ આત્માને જે જાણે તે જ એક પરમાણુને જાણી શકે.

આ અંકની તત્ત્વચર્ચા પૂરી. દીવાળીએ ફરી મળશું. ( –जयजिनेन्द्र )

## કોઈ ન આવે સંગ તારી....

## એકલો જાને રે....

દુષ્કર્મના ઉદયથી દુઃખિત હોવા છતાં પણ જે મનુષ્ય સંતુષ્ઠ થઈને આ અત્યંત પવિત્ર સમ્યગ્દર્શનમાં નિશ્ચલ સ્થિતિ કરે છે અર્થાત્ સમ્યગ્દર્શનને ધારણ કરે છે તે એકલો પણ આ જગતમાં અત્યંત પ્રશંસનીય છે; પરંતુ જેઓ અત્યંત આનન્દને દેનારા સમ્યગ્દર્શનાદિ રત્નત્રયરૂપ અમૃતમાર્ગથી ( –મોક્ષમાર્ગથી ) બાહ્ય છે, તથા વર્તમાનકાળમાં શુભકર્મના ઉદયથી પ્રસન્ન છે એવા, મિથ્યામાર્ગમાં ગમન કરનારા મિથ્યાદ્રષ્ટિ મનુષ્યો ઘણા હોય તોપણ તેઓ પ્રશંસનીય નથી. માટે હે જીવ ! તું એકલો હો તોપણ જિનમાર્ગમાં દ્રઢપણે સમ્યક્ત્વની આરાધના કર.

–પદ્મનંદી મુનિરાજ

# સંસારસમુદ્રને તરવાની કળા



બીજી ગમે તેટલી કળા જીવ શીખે પરંતુ આત્માના સ્વાનુભવની કળા જ્યાં સુધી ન શીખે ત્યાંસુધી તે ભવસમુદ્રને તરી શકતો નથી; સ્વાનુભવ એ જ ભવસમુદ્રને તરવાની કળા છે. એ કળાને જે નથી જાણતો તે બીજી અનેક કળા જાણતો હોય તોપણ સંસારસમુદ્રમાં ડૂબે છે; અને જેણે એક સ્વાનુભવકળા જાણી તે જીવ ભલે કદાચ બીજી એક્કેય કળા જાણતો ન હોય તોપણ સંસારસમુદ્રને તરી જાય છે. માટે સન્તોનો ઉપદેશ છે કે હે જીવો! જો તમે આ દુઃખમય સંસારસમુદ્રને તરવા ચાહતા હો તો બીજી બધી કળાનું મહત્વ છોડીને આ સ્વાનુભવ–કળાનું મહત્વ સમજો ને તેનો ઉદ્યમ કરો. સ્વાનુભવકળાની આ વાત સ્પષ્ટ સમજાવવા અહીં એક ચિત્ર આપ્યું છે; તે સંબંધી વિગતવાર પ્રવચનદ્વારા ભવસમુદ્રને તરવાની કળાનું સ્વરૂપ સમજવા આગામી અંક વાંચશોજી.

卐

**આપનું લવાજમ આસો વદી ૦)) પુરૂ થાય છે. જો આપે હજું લવાજમ ન મોકલ્યું હોય તો આપના ગામના મુમુક્ષુ મંડળને ભરી અમને પત્ર લખશો.**

**દરેક ગામના મુમુક્ષુ મંડળને વિનંતિ કે આપ આપના ગામના મુમુક્ષુ ભાઈઓના લવાજમ લઈ અત્રે લીસ્ટ મોકલી આપશો. જેથી વી. પી. કરવાનો નકામો ખર્ચ તથા સમય બચી જાય.**

**કારતક સુદ ૮ પછી વી. પી. કરવામાં આવશે.**

**લીઃ વ્યવસ્થાપક**
**શ્રી આત્મધર્મ કાર્યાલય-સોનગઢ**

# જિજ્ઞાસુઓને ઉપયોગી સાહિત્ય




**સમ્યગ્દર્શનઃ** પુસ્તક પહેલું–બીજું–ત્રીજું : ત્રણ પુસ્તકોના સેટની કિંમત લગભગ ૬ રૂા. થતી હોવા છતાં, પ્રકાશકોની સાહિત્યપ્રચારની ભાવનાથી માત્ર બે રૂા. ની કિંમતમાં ત્રણે પુસ્તકો આપવામાં આવે છે. પહેલો ભાગ ઘણા વખતથી મળતો ન હતો, તેની બીજી આવૃત્તિ છપાયેલ છે. પહેલો ભાગ પ૦ પૈસા, બીજો ભાગ ૧ રૂપિયો; ત્રીજો ભાગ પ૦ પૈસા. દરેક પુસ્તકમાં સમ્યગ્દર્શનસંબંધી નિર્વિકલ્પ લેખોનો સંગ્રહ છે. ગુરુદેવની વાણીમાંથી તેમજ શાસ્ત્રોમાંથી જિજ્ઞાસુઓને ઉપયોગી વિષયોનું સંકલન કરવામાં આવ્યું છે; પ્રાથમિક જિજ્ઞાસુઓને તેમજ અભ્યાસી જિજ્ઞાસુઓને સૌને સમ્યક્ત્વની ભાવના માટે ખાસ ઉપયોગી છે.

અધ્યાત્મસન્દેશઃ– ત્રણ ચિઠ્ઠી ઉપર પૂ. ગુરુદેવના પ્રવચનોનું સુંદર સંકલનઃ (લેખક–બ્ર. હરિલાલ જૈન) સ્વાનુભવનો પરમ મહિમા સમજાવીને, અને સ્વાનુભવી ધર્માત્માની દશા કેવી હોય તે અનેક પ્રકારથી ઓળખાવીને, સ્વાનુભવ માટેનું પ્રોત્સાહન આપતું આ પુસ્તક જિજ્ઞાસુને અધ્યાત્મરસના મધુર ઘૂંટડા પીવડાવે છે. ને સ્વાનુભવના વિષયને ઘણો સ્પષ્ટ કરે છે. ગુરુદેવને આ પ્રવચનો ઘણા પ્રિય છે. અધ્યાત્મસાહિત્યમાં ઉચ્ચ સ્થાન ધરાવે એવું આ પુસ્તક છે. કિંમત ૨–૦૦ બે રૂપિયા (આત્મધર્મના ગ્રાહકોને ભેટ)

રત્નસંગ્રહઃ– આત્માર્થીતા અને વૈરાગ્યનું પોષણ કરનાર
વિધવિધ ૧૦૦ લેખોનો સંગ્રહ; કિંમત રૂા. ૧–૦૦

શ્રાવકધર્મપ્રકાશઃ ગુરુદેવના ખાસ પ્રવચનો.....તુરતમાં તૈયાર થાય છે.

# સુવર્ણપુરી સમાચાર

શ્રાવણ–ભાદરવામાસ દરમિયાન પદ્મનંદીપચ્ચીસીના દેશવ્રતોદ્યોતન–અધિકાર ઉપર પૂ. ગુરુદેવના ખાસ પ્રવચનો થયા; આ પ્રવચનો છપાવીને પ્રસિદ્ધ કરાવવાનું અને માત્ર પચીસપૈસાની કિંમતે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે, આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવામાં આવશે.

બપોરે કળશટીકા ઉપર અદ્ભુત આત્મસ્પર્શી પ્રવચનો ચાલે છે. દસલક્ષણપર્વ દરમિયાન દશધર્મોનું વર્ણન પદ્મનંદીપચ્ચીસીમાંથી વાંચવામાં આવ્યું હતું.

શ્રાવણ વદ બીજે પૂ. બેનશ્રી ચંપાબેનનો મંગલ જન્મદિવસ આનંદોલ્લાસપૂર્વક ઉજવાયો હતો. તે દિવસે સભામાં પૂ. ગુરુદેવના શ્રીમુખેથી હાર્દિક પ્રમોદભર્યા ઉદ્ગારો સાંભળીને સમસ્ત સભાજનોને ઘણો હર્ષ થયો હતો; તે પ્રસંગ સુવર્ણના ઈતિહાસમાં ચિરસ્મરણીય રહેશે.

રાત્રે તત્ત્વચર્ચા સુંદર ચાલી રહી છે. હાલમાં પ્રવચનમાં સવારે પરમાત્મપ્રકાશ વંચાતું હતું તે ભાદરવા વદ છઠ્ઠે પૂર્ણ થયું છે ને ભાદરવા વદ સાતમથી ફરીને તે જ શાસ્ત્ર શરૂ થયું છે. પરમાત્મપ્રકાશ એ અધ્યાત્મભાવનાનો ગ્રંથ હોવાથી ફરી ફરીને તેનું શ્રવણ આત્મભાવનાને પ્રોત્સાહન આપે છે. બપોરે પ્રવચનમાં સમયસાર–કળશટીકા વંચાય છે. ભાદરવા સુદ ચોથે બોટાદના ભાઈશ્રી પ્રાણલાલ મગનલાલ શાહે પૂ. ગુરુદેવ સમક્ષ આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી હતી.

સોનગઢમાં ભાદરવા સુદ પાંચમે દશલક્ષણીપર્યુષણના ઉપલક્ષમાં જિનેન્દ્રદેવની રથયાત્રા નીકળી હતી; રથયાત્રા ગામમાં ફરીને સ્વાધ્યાયમંદિરના ચોગાનમાં આવી હતી ને ત્યાં અભિષેકપૂજન થયા હતા. ભાદરવા સુદ પૂર્ણિમાએ જિનવાણીની રથયાત્રા નીકળી હતી, તથા દશલક્ષણની પૂર્ણતાના ઉપલક્ષમાં ભાદરવા વદ એકમે જિનેન્દ્રઅભિષેક થયો હતો.

ભાદરવા સુદ ત્રીજે જૈનવિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ દ્વારા શ્રીકંઠવૈરાગ્ય અર્થાત્ 'ચલો નંદીશ્વર' નું નાટક થયું હતું.


ઈંદોરના પં. શ્રી બંસીધરજી શાસ્ત્રી હમણાં પોતાની સ્વયં પ્રેરણાથી સોનગઢ આવીને રહ્યા ને ત્રણ મહિના સુધી પૂજન–પ્રવચન–ભક્તિ–શિક્ષણવર્ગ વગેરે બધા કાર્યક્રમોમાં નિયમિત ભાગ લીધો; અહીંના વાતાવરણથી ખૂબ પ્રભાવિત થયા, અને જતી વખતે લાગણીપૂર્વક ગુરુદેવનો ઘણો મહિમા કર્યો. અત્રે લક્ષમાં રહે કે જયપુરમાં થયેલી વિદ્વાનોની તત્ત્વચર્ચામાં બંને પક્ષ તરફથી તેઓ મધ્યસ્થી તરીકે હતા.

દશલક્ષણીપર્યુષણ દરમિયાન વાંચનકાર ભાઈને મોકલવા માટે અનેક શહેરોના મુમુક્ષુમંડળની માંગણી આવી હતી, તે અનુસાર દિલ્હી, કલકત્તા, મુંબઈ, જયપુર, ઈન્દોર, અમદાવાદ, ઘાટકોપર, દમોહ, વિદિશા, ખંડવા, ખતૌલી, મલકાપુર, મહિદપુર, રાધૌગઢ, ગુના કોટા, ઉદેપુર, પ્રતાપગઢ, મૈનપુર, સાગર, રાજકોટ, જલગાંવ, ચિખલી, ખંડેરી, વગેરે ગામોમાં સોનગઢ તરફથી વાંચનકાર વિદ્વાનભાઈઓને મોકલવાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો; આ ઉપરાંત મોમ્બાસા, મોશી, એડન, નૈરોબી, અશોકનગર, ઉજ્જૈન, એત્માદપુર, બડોત, સહારનપુર, બડનગર, મંદસૌર, ભોપાલ વગેરે અનેક સ્થળે પણ મુમુક્ષુમંડળ તરફથી ઉત્સાહપૂર્વક પર્યુષણપર્વ ઉજવાયાના સમાચાર આવેલ છે.

દરેક ઠેકાણે મોટી સંખ્યામાં જિજ્ઞાસુઓ સાંભળવા આવતા ને સારી પ્રભાવના થઈ હતી. ગુરુદેવની અધ્યાત્મિક હાકલથી હવે જૈનસમાજ જાગ્યો છે, ને દિનેદિને પ્રભાવના વધતી જાય છે.

તીર્થંકરો અને મુનિઓની તો શી વાત!–તેઓનું તો જીવન સ્વાનુભવ વડે અધ્યાત્મરસથી ઓતપ્રોત બનેલું છે; તે ઉપરાંત જૈન શાસનમાં અનેક ધર્માત્મા–શ્રાવકો પણ એવા પાક્યા છે કે જેમનું અધ્યાત્મજીવન અને અધ્યાત્મવાણી અનેક જિજ્ઞાસુઓને અધ્યાત્મની પ્રેરણા જગાડે છે. અધ્યાત્મરસ એ જગતના બધા રસો કરતાં સર્વોત્કૃષ્ટ છે.

# સુવર્ણપુરી સમાચાર



**ધર્મરત્ન શ્રી રામજીભાઈનો ભવ્ય સન્માન સમારોહ**
સોનગઢ તા. ૩૦–૮–૬૫

ભાઈશ્રી રામજીભાઈ માણેકચંદ દોશી ભૂતપૂર્વ પ્રમુખ શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ તેઓશ્રીની ૮૩ વર્ષની જન્મ જયન્તીનો શાનદાર સન્માન સમારોહ ઉજવવામાં આવ્યો.

મુંબઈ, રાજકોટ, ઈન્દૌર, કલકત્તા, દિલ્લી આદિ સર્વ મુમુક્ષુ મંડળ દ્વારા ઉદાર ચરિત શ્રી રામજીભાઈની સેવા સ્મૃતિ માટે એક લાખ ને એક રૂપીયા ભેળા થયા તેનો ઉપયોગ જ્ઞાન પ્રચારમાં કરવામાં આવશે.

પરમોપકારી પૂ ગુરુદેવના તત્ત્વાવધાનમાં વિશાળ સભા તથા મહેમાનોની વચ્ચે સન્માનપત્ર ( અભિનન્દન પત્ર ) વાંચી સંભળાવવામાં આવ્યો પછી શ્રી નવનીતભાઈ સી. ઝવેરી, પ્રમુખ શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તથા દિ. જૈન મુમુક્ષુ મહામંડળ દ્વારા ચાંદીનો સુંદરતમ કલાકૃતિથી અલંકૃત માનસ્થંભ તથા અભિનન્દન પત્ર શ્રી રામજીભાઈને અર્પણ કરીને તેઓશ્રીની બહુવિધ અમૂલ્ય સેવાઓનું વર્ણન કરવામાં આવ્યું.

બહારગામથી સેંકડો તાર, ટપાલ દ્વારા અભિનન્દન સંદેશ આવ્યા. આ સન્માન વખતે શ્રી ખીમચંદભાઈ, શ્રી લાલચંદભાઈ, શ્રી પં૦ બનારસીદાસ ( લશ્કર મ૦ પ્ર૦ ) શ્રી ચીમનલાલ ઠાકરશી તથા શ્રી નેમીચંદજી પાટનીજીએ પૂ૦ ગુરુદેવનો પરમ ઉપકાર માનીને શ્રી રામજીભાઈ દ્વારા સર્વજ્ઞ વીતરાગ કથિત ધર્મની મહાન પ્રભાવનાના કાર્યમાં જે બહુવિધ સહાયતા મળી છે તેનું યથોચિત વર્ણન કર્યું. જ્યારે માનપાત્ર વંચાયું તથા જ્યારે શ્રી રામજીભાઈએ માનસ્તંભ માથા ઉપર વિનય સહિત ધારણ કર્યો તે વખતનો દેખાવ ખરેખર અદ્‌ભૂત હતો.

બ્ર. ગુલાબચંદ જૈન

**પ્રા સં ગિ ક...............** ( બ્ર.હ.જૈન )

## “स त्त्वे षु मै त्री”

## સર્વત્ર શાંતિ પ્રસરો...સમસ્ત દેશોની પ્રજા ક્ષેમકુશળ હો....
## સર્વજીવોને હિતકારી ધર્મચક્ર સદાય પ્રવર્તમાન રહો

**અ**શાંતિથી ભરેલી આ દુનિયામાં એક ચૈતન્યતત્ત્વ જ શાંતિનું ધામ છે–તે સન્તો બતાવી રહ્યા છે. અનિત્યતાના ને અશાંતિના બનાવો તો જગતમાં સદાય બન્યા જ કરતા હોય છે. હાલમાં દિનેદિને ઝડપભેર જે બનાવો બની રહ્યા છે, ને સારાય રાષ્ટ્રને જે અસર કરી રહ્યા છે તે સંસારનું અશરણપણું ને ક્ષણભંગુરપણું જોરશોરથી પ્રસિદ્ધ કરી રહ્યા છે, જેનું સ્વરૂપ વિચારતાં સંસારમાંથી મુમુક્ષુને ચિત્ત એકદમ હટીને સ્વરૂપનું શરણ શોધવા એકદમ તત્પર બને છે. સંસારનું આવું સ્વરૂપ જાણીને સંતોએ એક અત્યંત ટૂંકો છતાં મહાન વૈરાગ્યમંત્ર આપ્યો છે–“जगदस्थिरम्”

તાજેતરમાં ( તા ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૫ ના રોજ ) ગુજરાત રાજ્યના મુખ્યપ્રધાન શ્રી બળવંતરાયભાઈ મહેતા તથા તેમના ધર્મપત્ની સરોજબેન વગેરેના અવસાનનો અતિ કરુણ બનાવ તો ઘણો વૈરાગ્યપ્રેરક છે. આકાશમાં કે પાતાળમાં ક્યાંય પણ કાળના ઝપાટામાંથી જીવ બચી શકતો નથી; સુખસાધનથી ભરપૂર એરોપ્લેન કે મુખ્યપ્રધાન જેવું મોટું પદ–એ કોઈ એમને ન તો બચાવી શક્યું, કે ન શરણરૂપ થયું. મરણથી બચાવનાર એક જ વસ્તુ છે–અને તે રત્નત્રયધર્મ.

એક દેવે ક્રોધિત થઈને દ્વારિકાનગરી ભસ્મ કરવા માંડી; શ્રી કૃષ્ણ જેવા જેના રક્ષક એવી દ્વારિકાનગરી ભડભડ સળગવા મંડી....ઘણા જીવો વૈરાગ્ય પામી સ્વરૂપ સાધવા ચાલ્યા ગયા, શ્રી કૃષ્ણ અને બળભદ્ર જેવા બળવાન યોદ્ધાએ દરિયાના પાણી વડે એ દ્વારિકાને આગથી બચાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પણ દરિયાનું પાણી તેલ જેવું થઈને, આગને ઠારવાને બદલે ઊલટું વધારવા લાગ્યું. માતા–પિતાને બચાવવા રથમાં બેસાડીને નગર બહાર કાઢવા માંડયા પણ રથના ઘોડા ભસ્મ થઈ ગયા; ઘોડાને સ્થાને શ્રીકૃષ્ણ અને બળભદ્ર પોતે જાતે રથ ખેંચવા માંડયા–પણ એ રથ એક ડગલું પણ ન ચસક્યો...શ્રીકૃષ્ણ જેવા શ્રીકૃષ્ણ નજર સામે જ માતાપિતાને આગમાં ભસ્મ થતાં અસહાયરૂપે જોઈ રહ્યા! અરે, સંસાર! અંદર અસંખ્યપ્રદેશી શાંતિધામ છે તે જ નિર્ભય શરણસ્થાન છે.

જગત્ સન્તોના પ્રતાપે આવું<br>
શાન્તિધામ દેખો.<br>
સર્વત્ર શાંતિ પ્રસરો.

સર્વજીવોને હિતકારી એવું ધર્મચક્ર<br>
સદાય પ્રવર્તમાન રહો.<br>
સમસ્ત દેશોની પ્રજા ક્ષેમકુશળ હો.

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ– અનંતરાય હરિલાલ શેઠ. આનંદ પ્રિંન્ટીગ પ્રેસ–ભાવનગર